
સંતવાણી ગ્રંથાવલિ ૧૩

# ગુરુ નાનકદેવ



# ગુરુ નાનકદેવ

**(Guru Nanakdev)**

નલિન છોટાલાલ પંડ્યા

(રૂદાગુ)

નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.

**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**દશ રૂપિયા**

© ગુજરાત દિવ્ય જીવન સંઘ

ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# ગુરુ નાનકદેવ

**(Guru Nanakdev)**

ઈશ્વર સૌમાં સમાયેલો છે, એના વિના કોઈ જગા ખાલી નથી.

*

હે નાનક, સદ્‌ગુરુ ઉપદેશ દ્વારા જેના હૃદયમાં એ સ્વામી પ્રગટી ગયો, તે સૌભાગ્યશાળી છે.

*

જે રાતદિન હરિને ભજે છે, નાનક તેને પ્રણમે છે.

*

સંતજના મિલિ બોલહુ રામ,
સબ તે નિરમલ ઉત્તમ કામ ॥

# ગુરુ નાનક

ભારતીય તત્ત્વજ્ઞાનમાં વ્યક્તિને નહીં પરંતુ તેના કાર્યને મહત્ત્વ આપવામાં આવ્યું છે. એનું પરિણામ એ આવ્યું કે આપણે આપણા એ મહાન પૂર્વજો વિશે અધિકૃત માહિતી મેળવી શકતા નથી. એમના જીવનની દંતકથાઓ તેમ જ સમકાલીન સાહિત્યમાં થયેલા તેમના ઉલ્લેખો પરથી જાણવા મળે છે. સદ્‌ગુરુ નાનકનું જીવન પણ એમાં અપવાદરૂપ નથી. ગુરુ નાનકનો જન્મ સં. ૧૫૨૬ના કાર્તિક સુદ પૂર્ણિમા તો કેટલાકને મતે વૈશાખ સુદ પૂર્ણિમાને દિવસે આજના પાકિસ્તાનમાં આવેલ લાહોર જિલ્લાના તલવંડી ગામે થયો હતો. આજે એને 'નાનકાના સાહિબ' તરીકે ઓળખવામાં આવે છે. કેટલાક વિદ્વાનોના કહેવા અનુસાર તેમનો જન્મ તેમના મોસાળમાં થયો હતો.

કાલુરામજીને પુત્રજન્મના સમાચાર મળ્યા ત્યારે તેઓ ખૂબ આનંદિત થયા. તેમણે દાનપુણ્ય કર્યું અને પંડિત હરદયાલ પાસે પુત્રની જન્મપત્રિકા કરાવી. પંડિતજીએ કાલુરામને કહ્યું, ''ભાઈ કાલુ, તારો આ બાળક કોઈ ઈશ્વરીય અવતાર લાગે છે. તે જગતના લોકોનો ઉદ્ધાર કરશે. એને અહીં લાવ. મારે એનાં દર્શન કરવાં છે.'' બાળકનાં દર્શન કરી પંડિતજી કૃતકૃત્ય થયા. દિવસે દિવસે નાનક મોટા થતા ગયા. બાળક બન્યા પણ તેમનામાં બાળકવૃત્તિ જ ન હતી ! રમવાને બદલે ધ્યાનમાં બેસી જતા, ભજનો ગાતા. પોતાની પાસે જ જે કાંઈ હોય તે બીજાને આપી દેવામાં આનંદ માણતા. તેમનો આવો વર્તાવ જોઈ

કાલુરામને ચિંતા થતી. આ બાળક આવો કેમ ? એક વખત નાનકે આંગણે આવેલ ભિક્ષુકને ઘરમાંથી લોટો લાવી આપી દીધો ! પિતાજી પંડિતજી પાસે ગયા. પંડિતજી કહે, ''ભાઈ કાલુ, તારો પુત્ર મહાન છે એમાં બેમત નથી. પણ આ બાળકના સગાંસંબંધી આ બાળકના પ્રતાપને નહીં જાણી શકે. જવલ્લે જ કોઈ તેના મહિમાને ઓળખશે. જા ભાઈ તેથી માયામાં બહુ મોહ રાખીશ નહીં. પુત્રને પરમેશ્વર જાણી તેની સાથે સાચી પ્રીત કરજે.''

નાનક છ વર્ષના થયા ત્યારે તેમને ગોપાલ પંડ્યાની ગામઠી શાળામાં મૂકવામાં આવ્યા. અહીં ભણવા ગયેલ નાનકે પંડ્યાજીને ભણાવવા માંડ્યું. નાનકે તેમને મોક્ષમાર્ગ શિખવાડ્યો. તેમણે કહ્યું : મોહને બાળી નાખો, તેને ઘસીને શાહી બનાવો. તમારી બુદ્ધિને કાગળ કલ્પો, પ્રેમની કલમ બનાવો. ગુરુદેવને પૂછીને અનંત-અપાર પરમાત્માનું નામ *જયવંતું છે એમ લખો. પંડ્યાજી નાનકને શું ભણાવે ?*

પંડિત બ્રિજનાથજી પાસે વેદ ભણવા મોકલ્યા, ત્યાં પણ વિવાદ થયો. પંડિતજી આવો વિચક્ષણ શિષ્ય પામી ધન્ય બની ગયા. પંડિતજીએ નાનકને વેદ-પુરાણાદિ શાસ્ત્રો શીખવ્યાં.

કાલુરામજી અને રાયબુલાર વચ્ચે ઘણા સારા મીઠા સંબંધો હતા. રાયબુલારે નાનકને ફારસી શીખવવા સૂચન કર્યું. તેમને મૌલવી કુતબુદ્દીન પાસે ફારસી ભણવા મોકલ્યા. નાનકે મૌલવીજીને અલફનો અર્થ પૂછ્યો. મૌલવી માટે આ નવાઈનો પ્રશ્ન હતો. કોઈએ હજી સુધી પૂછ્યો ન હતો. તેમને ખબર પણ ન હતી. નાનકે દરેક મૂળાક્ષરનો અર્થ સમજાવતાં કહ્યું, ''અલફ

(અ) અલ્લાને યાદ કરવાનું કહે છે. બે (બ) બૂરાઈ છોડવાનો ઉપદેશ આપે છે, અને કહે છે કે કોઈને પણ બૂરો કહીશ નહીં. વ્યર્થ ઝઘડામાં પડીશ નહીં. તે (ત) પશ્ચાત્તાપ કરવાનો અને સે (સ) પરમેશ્વરની ઓળખ કરવાનો ઉપદેશ આપે છે.''

વ્યાવહારિક દૃષ્ટિએ આ ત્રણ ગુરુઓ પાસેથી નાનકે શિક્ષણ મેળવ્યું એમ કહી શકાય, બાકી ખરું શિક્ષણ તો એમણે સંત-સાધુ, ફકીરો પાસેથી લીધું. સાધુ-સંતો-ફકીરો એ તો હરતીફરતી વિદ્યાપીઠો છે. નાનકે એમનો ખૂબ લાભ ઉઠાવ્યો.

નાનકને નવ વર્ષની ઉંમરે યજ્ઞોપવીત સંસ્કાર આપવામાં આવ્યા. ગુરુ નાનકે એનો વિરોધ કર્યો હતો. તેમણે આ બાહ્યાડંબરનો વિરોધ કરતાં કહ્યું હતું, ''આ સૂતરનો તાંતણો મારી શી રક્ષા કરશે ? મને એ પવિત્ર રાખી શકશે ? મારે આ જનોઈનો બાહ્યાચાર નથી જોઈતો.'' આમ કહી તેમણે ખરી જનોઈ કેવી હોય છે તે સમજાવતાં કહ્યું:

''દયા કપાસ સંતોષ સૂત જત ગંઠી સતવટ,
એહ જનેઉ જીવકા હેત પાંડે ઘટ,
ના એહ ટૂટે ન મલ લગે, ન પહજલે, ન જાય,
ધન્યો સો માણસ નાનકા જે ગલ ચલે પાય.''

નાનકે જનોઈ પહેરવાની ના પાડી દીધી ! સૌ સમસમી ઊઠ્યા. નાનકની વાત ખરી હતી, પણ ગળે ઊતરવી મુશ્કેલ હતી. સૌ રૂઢિના પૂજારી હતા. જ્ઞાનમાં ઊણા હતા. કોઈ નાનકને સમજાવી શકે તેમ ન હતા. છતાં માનતા હતા કે નાનક જનોઈ ન પહેરે તો તો મોટી આફત આવી પડે. માતાપિતા મૂંઝાઈ ગયાં. સૌએ સમજાવવા પ્રયત્ન કર્યો પણ નિષ્ફળ. છેવટે માનો પ્રેમ

જીત્યો. માએ હઠ લીધી, ''નાનકા, હું કાંઈ જાણતી-સમજતી નથી પણ બધા પહેરે છે તેમ તારે જનોઈ પહેરવી પડશે.'' નાનકે આ વાત માની લીધી ! માતાને ખુશ કરવા જ બાહ્યાચાર સ્વીકારી લીધો.

પિતાજીએ એમને ખેતર સાચવવા મોકલ્યા. સરસ પાક હતો. પક્ષીઓ ચણવા આવતાં હતાં. નાનકે પક્ષીઓને ઉડાડવાને બદલે ''રામકી ચિડિયાં રામકા ખેત, ખાલો ચિડિયાં ભરભર પેટ'' કહી તેમને નોતર્યાં. પિતાજીને ખબર પડતાં તેમણે કપાળ કૂટ્યું. આવો છોકરો શા કામનો ?

એક દિવસની વાત. તેઓ ખેતરમાં સૂતા હતા અને તેમના મસ્તક પર એક નાગરાજ ફણા કરી છત્ર ધરી રહ્યા હતા. અચાનક આ જ સમયે રાયબુલાર ત્યાંથી પસાર થયા. તેમણે આ દૃશ્ય જોયું. આ પછી તેઓ નાનકને 'મહાન અવતાર' માનવા લાગ્યા.

નાનકને પિતાજી જુદાં જુદાં કામ સોંપે, પણ તેમાં પિતાની નજરે કોઈ ભલીવાર આવતો ન હતો. પિતાજીને ખૂબ ચિંતા રહ્યા કરતી. એક દિવસ તેઓ નાનકને કહે, ''બેટા ખેતરબેતરનું કામ ન કરવું હોય તો વાંધો નહીં, તું કાંઈ વેપારધંધો કર.'' નાનક કહે, ''પિતાજી, હું વેપારધંધો તો કરું જ છું. મારા ગ્રાહકોને સત્ય તેમ જ ઇંદ્રિયસંયમનો માલ આપું છું. મને તેમાં સારો ફાયદો થાય છે.''

પુત્રનો જવાબ સાંભળી પિતાને થયું, ''આ છોકરો સાધુ તો નહીં થઈ જાય ને ?'' તેમણે તેને સંસારી બનાવવા નિર્ણય કરી લીધો અને એ પ્રમાણેના પ્રયત્નો કરવા માંડ્યા.

એક દિવસ કાલુરામજીએ નાનકને વીસ રૂપિયા આપી કહ્યું,

''બેટા જેમાં સારો નફો હોય તેવો વેપાર કરજે.'' નાનક તેમના બાલમિત્ર બાલા સાથે શહેરમાં વેપાર કરવા નીકળ્યા. રસ્તામાં એક વૃક્ષ નીચે સંતવૃંદ જોયું. જઈને પ્રણામ કર્યા. ખબર પડી કે સંતો ત્રણ દિવસના ભૂખ્યા છે. અયાચકવ્રતીઓ છે. તેમને વેપારની તક મળી ગઈ. સંતોને ભોજન કરાવી પાછા આવી ગયા. પૈસા ભોજનખર્ચમાં વાપરી નાખ્યા. પિતાજીને આવી વાત કરી. પિતાજી મૌન રહ્યા. તેમણે નાનકને પુત્રી નાનકીને ત્યાં - કપૂરથલા રાજ્યના સુલતાનપુર ગામે - મોકલવાનો નિર્ણય લઈ લીધો.

નાનક સુલતાનપુર આવ્યા. બહેન નાનકી તેમને ખૂબ જ વહાલી. ભાઈબહેનનો અતૂટ પ્રેમ. બનેવી જયરામ શેઠ પણ ખૂબ ભલા. રાજ્યમાં એમની સારી વગ. નાનકને નવાબને ત્યાં મોદીખાનામાં ભંડારી તરીકે નોકરી અપાવી દીધી. નાનકને નોકરી ગમી ગઈ. તેમણે ભંડારો ખોલી દીધો. કેટલાક લોકોએ નવાબના કાન ભંભેર્યા. નવાબે ભંડારનો હિસાબ તપાસ્યો તો બધું બરાબર હતું. ઊલટા નાનકના પૈસા લેણા નીકળતા હતા ! નવાબનો નાનક પ્રત્યે અહોભાવ વધી ગયો. આ મોદીખાનું ''હટ્ટી સાહેબ'' નામે ઓળખાય છે.

કાલુરામજીએ પુત્રને નાથવાનો વિચાર કર્યો. પરણાવીશું તો શાન ઠેકાણે આવી જશે એવી એમની માન્યતા હતી. ગુરુદાસપુર જિલ્લાના પખા ગામનિવાસી ક્ષત્રિય મૂલચંદ્રની પુત્રી સુલક્ષણી સાથે તેમનાં લગ્ન થયાં. આ લગ્ન તેમને બંધનરૂપ ન બન્યાં. તેઓ ભક્તિમય ગીતોની રચનામાં મશગૂલ રહેતા હતા. તેઓ કહેતા, ''ઉપરથી મને જે સંદેશો મળશે તે જ વાતો લખ્યા

કરીશ.'' નાનકને ત્યાં બે પુત્રરત્નોનો જન્મ થયો. શ્રીચંદ્ર (જેઓ ઉદાસીન સાધુ સંપ્રદાયના આદ્યપ્રવર્તક બન્યા) અને લક્ષ્મીચંદ્ર. આ બે પુત્રોએ તેમનું કુળ દીપાવ્યું.

નાનક સુલતાનપુર રહેતા હતા. નોકરી કરતા હતા. વળી પાછી લોકોએ કાનભંભેરણી કરી. નવાબે હિસાબ તપાસ્યો. બધું બરાબર હતું. પછી નાનકે આ નોકરી છોડી દીધી. નવાબે ખૂબ મનાવ્યા પણ એકના બે ન થયા. સંસારપ્રકરણ સમાપ્ત થયું. હવે જીવનનો બીજો મહત્ત્વપૂર્ણ અધ્યાય શરૂ થતો હતો.

એક દિવસની વાત છે. ગુરુજી નદીએ સ્નાન કરવા ગયા તે ગયા, પાછા આવ્યા જ નહીં. લોકોએ માન્યું કે તેઓ ડૂબી ગયા હશે. પણ કેટલાકના મતાનુસાર તેઓ 'સચખંડ'માં પહોંચી ગયા હતા. ત્યાં તેમને આદેશ થયો: ''હવે તમારું કામ શરૂ કરો.'' ત્રણ દિવસ પછી ગુરુજી આવ્યા પણ ઘેર નહીં. ગામબહાર એક આંબાવાડિયામાં, બહેન, બનેવી, પત્ની સૌ મનાવી ગયાં પણ હવે ''સંસારનો અંક પૂરો થઈ ગયો હતો.'' ગુરુજીએ પત્નીને આશ્વાસન આપતાં કહ્યું, ''ભગવાન સહુની રક્ષા કરે છે, એ તારી પણ રક્ષા કરશે.'' વહાલસોયી બહેને કહ્યું, ''વીરા, તારા વિના કેવી રીતે રહી શકીશ?'' તો તેમણે કહ્યું, ''બેના... મમતામયી... હું તારાથી જુદો નથી. તું જ્યારે જ્યારે યાદ કરીશ ત્યારે ત્યારે હાજર થઈશ. વખતોવખત તને મળવા આવતો રહીશ.'' અને ગુરુજીએ આ વચન પાળ્યું હતું.

એક દિવસ બહેન નાનકી ફૂલકા રોટલી બનાવતી હતી. સરસ રોટલી જોઈ વિચાર આવ્યો, ''ભાઈ હોત... તો... તેને પ્રેમથી જમાડત.'' તુલસીદાસી કહે, ''ભાઈ તો ક્યાંય હશે...

આપણને યાદ કરતા હશે કે કેમ... કોણ જાણે ?'' આ બાજુ ગુરુજીને બહેનની ઈચ્છાની જાણ થઈ. પાસે બેઠેલા મર્દાનાને કહ્યું, ''જરા આંખ મીંચી દો.'' ગુરુ ચાલી નીકળ્યા. બહેન નાનકીનું બારણું ખખડાવ્યું. તુલસીદાસીએ બારણું ઉઘાડ્યું અને ગુરુજીને જોઈ આભી બની ગઈ. દોડતી દોડતી નાનકીને બોલાવી લાવી. બહેને વીરાનાં ઓવારણાં લીધાં. હેતે જમાડ્યા. આવો હતો ગુરુજીનો ભગિનીપ્રેમ !

ગુરુજી સાથે તેમના બે મિત્રો સદા હાજર જ હોય. એક મર્દાના અને બીજો બાલા. લોકો એને હિંદુ-મુસ્લિમ એકતાનું પ્રતીક માને છે. મર્દાના મિરાશી હતો, સરસ ગાયક હતો. વાજિંત્ર બજાવી જાણતો હતો. ગુરુજી ગાતા અને એ સંગત કરતો.

ગુરુજી એક શ્રેષ્ઠ કવિ હતા. કેટલાક વિદ્વાનોના મતે તેઓ આધુનિક પંજાબી ભાષાના પ્રમુખ કવિ છે.

ગુરુજી ઘણું કરીને સૌ પ્રથમ સુલતાનપુરના નવાબ સાથે વિવાદમાં ઊતર્યા. તેઓ તેમને ત્યાં નોકરી કરતા હતા એ વાત જાણીતી છે. કાજીઓએ નવાબને ભડકાવ્યા. નવાબે ગુરુજીને બોલાવ્યા. ગુરુજી ગયા પણ તેમને સલામ ન કરી. નવાબ ગુસ્સે થયા તો કહે, ''હું હવે તમારો નોકર નથી. હું તો ઈશ્વરનો બંદો છું.'' નવાબે તેમની સાથે નમાજ પઢવા કહ્યું. ગુરુજી કબૂલ થયા. નમાજ શરૂ થઈ. ગુરુજી ઊભા જ રહ્યા. નવાબ ગુસ્સે થયા. ''ઢોંગી તેં નમાજ કેમ ન પઢી ?'' જવાબમાં ગુરુજીએ કહ્યું, ''જે પુરુષ એકચિત્તે ખુદાની બંદગી કરે છે તેની સાથે હું હોઉં છું, પછી તે નમાજ પઢતો હોય કે સંધ્યા કરતો હોય. મારે

મન એ વાત મહત્ત્વની નથી. મહત્ત્વની વાત દિલની ચોખ્ખાઈની છે. તમે નમાજ તો પઢતા હતા પણ તમારું મન બીજે હતું, પછી હું કેવી રીતે તમારી સાથે - આચારવિચારની ભિન્નતાવાળા સાથે - નમાજ પઢું ? નવાબ સમજી ગયા અને ગુરુજીને કાંઈ ઉપદેશ આપવા વીનવ્યા. ગુરુજીએ ખરી નમાજ બતાવતાં કહ્યું:

''પંજ નમાજાં, વકતપંજ, પંજા પંજે નાઊં,
પહલા સચ્ચ, હલાલ દુઈ, તીજી ખૈર ખુદા.
ચૌથી નિયત રાસમન, પંજવી સિફત શના,
કરની કરમા આખકે તાં મુસલમાન સડાય.
નાનક જેતી કૂડીયાર કૂડી કૂડે પાય.''

પછી તો ગુરુજી ભારતયાત્રાએ નીકળી પડ્યા. તેમણે ત્રણ વાર ભારતયાત્રા કરી છે. ભારત બહાર શ્રીલંકા, મક્કા, મદીના પણ ગયા છે.

ગુરુજી એમનાબાદ પધાર્યા. એક વૃક્ષ નીચે વાસ કર્યો. સામે ભક્તિ-ભક્તપ્રિય લાલુ સુથારનું ઘર. લાલુ તો ગુરુજીને જોઈ ગાંડોઘેલો થઈ ગયો. ગુરુજીને ભાવે જમાડ્યા. આખા ગામમાં વાત ફેલાઈ ગઈ ''ક્ષત્રિય થઈ એક સુથારને ત્યાં જમ્યો. આ કેવી વાત ! આવું તો બને જ નહીં.'' ચર્ચાઓ થઈ પણ ગુરુજી પર આની કાંઈ અસર થઈ નહીં. તેઓ તો નાતજાતનાં બંધન તોડવા જ આવ્યા હતા.

આ જ ગામમાં વજીર મલક ભાગુને ત્યાં જમવાનો ગુરુજીએ ઈન્કાર કર્યો. તેમણે કહ્યું, ''તારો રોટલો લોહી ભરેલો છે.'' વજીરે એ સાબિત કરી આપવા કહ્યું તો ગુરુજીએ લાલુ સુથાર

અને મલક ભાગુને ત્યાંથી ભોજન મંગાવ્યું. બંનેમાંથી રોટલો-રોટલી હાથમાં લઈ, તેને મસળી નાખ્યાં. એકમાંથી દૂધ ટપક્યું, બીજામાંથી લોહી ! ગુરુજીએ જે કહ્યું હતું તે પ્રત્યક્ષ થઈ ગયું, ગુરુજીએ સમજ આપતાં કહ્યું: સૌએ પોતપોતાના હકનું ખાવું જોઈએ.

''હક્ક પરાયા નાનકા, ઉસ સુવ્વર ઉસ ગાય
ગુરુ, પીર, હામીતાં ભરે જો મુર્દાર ના ખાય.''

સિયાલકોટમાં ગુરુજીએ એક બોરડી નીચે વાસ કર્યો. એ સ્થળ 'બેરસાહબ' નામે ઓળખાય છે. ત્યાં એક ફકીર રહેતો હતો, તેણે આ શહેરનો નાશ કરવા પ્રયોગ શરૂ કર્યો હતો. ગુરુજીએ તેને સમજાવ્યો અને કહ્યું, ''દુનિયામાં એકલું જૂઠું હોતું નથી, સાચ પણ હોય છે.'' ગુરુજીએ તેને એનો અનુભવ કરાવ્યો.

ગુરુજી હરદ્વાર આવ્યા. હરદ્વાર હરિનું ધામ. અનેક સ્ત્રીપુરુષો વહેલી સવારે ગંગામાં સ્નાન કરતાં કરતાં પૂર્વજો અને સૂર્યને અર્ઘ્ય આપતાં હતાં. ગુરુજીએ સત્ય બોધ કરાવવા એક કીમિયો કર્યો. તેમણે પશ્ચિમ તરફ મોં કરી ખોબે ખોબે પાણીને કિનારા તરફ ફેંકવા માંડ્યું. આ જોઈ સૌ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. એક સજ્જને જિજ્ઞાસાવશ તેમને પૂછ્યું, ''આ શું કરો છો ?'' ગુરુજી કહે, ''પેલા લોકો શું કરે છે ?'' સજ્જન કહે, ''એ લોકો તો પોતાના પૂર્વજો અને સૂર્યને અર્ઘ્ય આપે છે, પણ તમે શું કરો છો ?'' ''હું તો મારા ખેતરને પાણી પાઉં છું.'' એના જવાબમાં પેલા સજ્જન કહે, ''ભલા માણસ, તારા ખેતરમાં પાણી પહોંચતું હશે ? આ તો તમારો વ્યર્થ પ્રયાસ છે.'' ગુરુજી કહે: ''ના, ના, પેલા લોકોનો અર્ઘ્ય તેમના પૂર્વજો અને સૂર્યને

પહોંચતો હોય, તો પછી મારા ખેતરને પાણી કેમ ન પહોંચે ?'' ગુરુજીની સમજાવવાની રીત આવી સચોટ હતી. હરદ્વાર કનખલમાં જ્યાં ગુરુજી ઊતર્યા હતા તે સ્થળ 'નાનકવાડા'ના નામથી પ્રસિદ્ધ છે.

દિલ્હીમાં સિકંદર લોદીનું રાજ્ય. તેના મનમાં એવું ભૂત ભરાઈ ગયેલું કે જે મહાત્મા ચમત્કાર ન બતાવી શકે તે મહાત્મા જ નથી. ચમત્કાર ન કરી શકનાર તથા ચમત્કારમાં નહીં માનનાર, નહીં કરનાર કેટલાક સાધુ-સંતો-ફકીરોને તેણે જેલમાં પૂરી દીધા હતા. ગુરુજી દિલ્હી આવ્યા તે પહેલાં તેમની કીર્તિ દિલ્હી આવી પહોંચી હતી. ગુરુજી દિલ્હી આવ્યા તો તેમને પણ જેલમાં ધકેલી દેવામાં આવ્યા. ઘંટી પકડાવી દીધી. મર્દાના તો ભાટનો ભાઈ ! એ કહે, ''ગુરુજી તમારી સાથે દિલ્હી આવવામાં આ ઘંટીએ દળવાનું થયું એ ફાયદો થયો. આ સાધુ-સંતો--ફકીરો દળે છે તેમને તો છોડાવો ?'' ગુરુજી કહે, ''તું દળીશ નહીં, અને આ લોકોને પણ દળવાની ના પાડી દે. ઘંટી આપોઆપ ફરશે. તમે સૌ શાંતિથી ભજનકીર્તન કરો.'' મર્દાનાએ સૌને ગુરુજીની વાત કરી. સૌ શાંતિથી ઈશ-સ્મરણ કરવા લાગ્યા અને ઘંટીઓ આપોઆપ ફરવા માંડી.

સુલતાનને ખબર પડી. સુલતાન આવ્યો. દૃશ્ય જોઈ દંગ થઈ ગયો. ગુરુજીને ચરણે પડ્યો. ગુરુજી કહે, ''ધર્મમાં ચમત્કારો ન હોય. ચમત્કાર કરવા એ મોટી વાત નથી પણ એનાથી દૂર જ રહેવું સારું. ચમત્કારો જાદુગરો કરે, સંતો નહીં.'' સુલતાને સૌની માફી માગી, સૌને છોડી મૂક્યા. ગુરુજીએ ઢાકાના જાદુગરોને 'એક ૐકાર સત્‌નામ'નો મંત્ર આપ્યો. તેમણે કહ્યું,

આ મહામંત્ર આગળ કોઈનો જાદુ ચાલતો નથી. ઢાકાથી થોડે દૂર એક ગામ છે. ત્યાં પાણીનું ખૂબ દુઃખ. સ્ત્રીઓએ ગુરુજીને વાત કરી. ગુરુજીએ બરછી વડે એક જગ્યાએ થોડું ખોદીને કહ્યું, ''અહીંથી મીઠું પાણી મળશે.'' બન્યું પણ એવું જ. આ બરછી સાચવી રાખવામાં આવી છે. તેમાં તેનાં દર્શન કરાવવામાં આવે છે. અને આ સ્થળને ''બરછાસાહેબ'' કહેવામાં આવે છે.

ગુરુજી ફરતા ફરતા જગન્નાથજી પહોંચ્યા. મંદિરમાં આરતી થતી હતી. સૌ ઊભા થયા પણ ગુરુજી બેસી રહ્યા. આરતી પૂર્ણ થતાં લોકોએ પૂછ્યું, ''ગુરુજી તમે કેમ ઊભા ન થયા ?'' તેમણે કહ્યું, ''ભાઈ પ્રભુજીની આરતી તો ચોવીસે કલાક થતી રહેતી હોય છે. આ આરતીનો કોઈ સમય જ નથી પછી શા માટે ઊભો થાઉં ? પ્રભુની આરતી અજબ છે ! જુઓ...

ગગનમેં થાલ રવ (સૂર્ય) ચંદ (ચંદ્ર) દીપક બને
તારકા મંડલ જનક (જાણે) મોતી, ધૂપમિલ આનલો
પવન ચવરો (ચમ્મર) કરે, સગલ બનરાય ફૂલંત જ્યોતિ
કૈસી આરતી હોવે, ભવખંડના તેરી.''

ગુરુજીની આરતી સાંભળી સૌનાં મસ્તક પ્રભુચરણે નમી રહ્યાં.

ગુરુજીએ પ્રવાસ દરમિયાન ભક્ત નામદેવના વતન અવંડાની મુલાકાત લઈ નામદેવ સાથે જ્ઞાનચર્ચા કરી હતી. સંતોનું મિલન ભવ્ય હતું !

કાનફટા લોકો ગુરુજીના દ્વેષી. ગુરુજીને નીચું જોવરાવવાની કોઈ તક જતી ન કરે તેવા. તેમણે સાંભળ્યું કે ગુરુજીને જે કાંઈ મળે છે તે તેઓ સૌમાં વહેંચી દે છે. કાનફટાઓ તેમની પરીક્ષા કરવા માટે ગયા. તેમણે ગુરુજીને ચરણે એક તલ ધર્યો અને શાંતિથી

બેસી ગયા. ગુરુજીએ બાલાને બોલાવી આ તલને પ્રસાદના જળમાં વાટી સૌને પ્રસાદ આપવા કહ્યું. કાનફટા તેમને નમી પડ્યા. આ સ્થળ 'તિલગંજ' નામે પ્રસિદ્ધ છે.

સેતબંધુ રામેશ્વર પહોંચી ત્યાં પૂજા-પાઠ-ધૂપ-દીપ-નૈવેદ્ય ધરાવતાં ભક્તોને બોધ આપતાં કહ્યું, ''તમારી જાતને શુદ્ધ બનાવો. અભિમાન છોડો, દંભ છોડો, નિઃસ્વાર્થ ભાવે અર્પણ કરેલ કોઈ પણ ખોરાક પ્રભુ સ્વીકારે છે. અજ્ઞાનથી દોરવાશો નહીં. જેવું વાવશો તેવું જ લણશો.''

ગુરુ માહાત્મ્ય અને ક્રોધને વશ કરવાની રીત બતાવતાં કહ્યું, ''ગુરુ-કૃપાથી સદ્-અસદ્ વસ્તુનો વિવેક આવે છે. તૃષ્ણાનો અંત આવે છે. સત્ય પર પ્રીતિ રાખવાથી માયા છૂટે છે. હુંપણું છોડવાથી ક્રોધ જાય છે.''

શ્રીલંકાની રાણીને પતિ વશ કરવાની રીત બતાવતાં કહ્યું: ''વિનયપૂર્વક વર્તવું, મધુર બોલવું, ક્ષમા કરવી, પતિનાં વચન સહેવાં. આ વશીકરણ મંત્ર છે.''

ગુરુજી ગુજરાતમાં પધારેલા, જૂનાગઢનો નવાબ ફૈઝબક્ષ, તેમને ખૂબ માનની નજરે જોતો હતો. તેણે તેમની પાદુકા માગી લીધી હતી, જે આજે કિલ્લા પાસેની એક ધર્મશાળામાં જોવા મળે છે. ગુરુજી ગિરનાર ચઢ્યા હતા. વેરાવળ, પ્રભાસપાટણ, સોમનાથ, પોરબંદર, દ્વારકા, ભૂજ વગેરે સ્થળે ઉપદેશ દેતા દેતા તેઓ મુલતાન પહોંચ્યા હતા. પાંચ પ્યારાઓમાંના એક ભાઈ મોહકમચંદ દ્વારકાના હતા.

રાવી નદીને તીરે એક રમણીય જગ્યા જોઈ. જાટ લોકોની વિનંતીથી ગુરુજીએ સંવત ૧૫૬૯માં કર્તાપુર નામે ગામ વસાવ્યું.

ગુરુજીએ અંતિમ દિવસો અહીં પસાર કર્યા હતા.

અમૃતસરથી થોડે દૂર 'પંજાસાહબ' નામે ગામ છે. આજે તો એ પાકિસ્તાનમાં છે. પણ તેનો રસિક ઈતિહાસ છે. ગામ એક તળેટીમાં વસ્યું છે. ટેકરી ઉપર મીઠા પાણીનો એક ઝરો છે. એ સમયે ત્યાં વલીકંધારી નામે ફકીર રહેતો હતો. એક વખત ગુરુજી અને મર્દાના ત્યાંથી પસાર થતા હતા. મર્દાનાને તરસ લાગી. ગુરુજીએ ટેકરી પર જઈ પાણી પી આવવા કહ્યું. મર્દાના ટેકરી પર ગયો પરંતુ વલીકંધારીએ તેને ધમકાવ્યો, ''નાપાક પાછો જા, તારા માટે આ પાણી નથી.'' મર્દાના પાછો આવ્યો. ગુરુજીએ ફરી પાછો મોકલ્યો. આમ બે વખત બન્યું. છેવટે ગુરુજીએ તળેટીમાં ખાડો ખોદ્યો. મધુર પાણી નીકળ્યું. પાણી પી તે તૃપ્ત થયો પણ ઉપર ઝરણું સુકાઈ ગયું. વલીકંધારી ગુસ્સે થઈ ગયો. તેણે ગુરુજી ઉપર એક મોટી શિલા ગબડાવી. મર્દાનાએ ગુરુજીને ચેતવ્યા. ગુરુજીએ હાથ ઊંચો કરી શિલાને અધવચ રોકી દીધી. એ શિલા પર પંજાની છાપ જોવા મળે છે. આજે પણ તેના ગુરુદ્વારામાં 'કણાહ પ્રસાદ' ધરાવવામાં આવે છે ત્યારે પ્રસાદ પર એ પંજાની છાપ પડે છે.

ગુરુજી નેપાળ, સિક્કિમ, ભૂતાન આદિ પ્રદેશમાં ગયા. ભૂતાનના ધર્મગુરુ લામા તેમના પર ખૂબ પ્રસન્ન હતા. ગુરુજીની વાણીનું ભૂતાની ભાષામાં ભાષાતાંર કરાવી લીધું.

એક દિવસ મર્દાનાએ વિનંતી કરી, ''ગુરુજી કાબા જવું છે.'' ગુરુજી કહે: ''ચાલો તૈયારી કરો, મારી પણ એ જ ઈચ્છા છે.'' સંવત ૧૫૭૫માં ગુરુજી મક્કા શરીફ પહોંચ્યા. રાત પડી ગઈ હતી. ચોગાનમાં સૂતા, ઊંઘમાં અજાણતાં પગ કાબા તરફ ગયા.

વહેલી સવારે જીવણ મૌલવીએ આ દશ્ય જોયું અને તેનો પિત્તો ઊકળ્યો. ''એ નાપાક ! કાબા તરફ પગ રાખી કેમ સૂતો છે ? ભાન નથી આ ખુદાનું ઘર છે ?'' ''ભાઈ, હું ખૂબ થાકી ગયો છું. પગ ઊંચકવા જેટલીય તાકાત નથી. જરા મારા પગ અલ્લાહ ન હોય એ બાજુ કરી દો ને.'' જીવણ મૌલવીનો પિત્તો ઓર ઊકળ્યો. તેણે તેમના પગ ઢસેડ્યા, બીજી બાજુ મૂક્યા... પણ... તેણે જે જોયું તે માનવામાં ન આવે તેવું હતું. આંખો ચોળી ખાતરી કરી કે તે ઊંઘમાં નથી.... સજાગ છે.... પગ જે બાજુ હતા તે બાજુ કાબાનો પથ્થર હતો ! ફરી પગ ફેરવ્યા તોય તેવું જ બન્યું. આખરે તે ગુરુજીને નમી પડ્યો. ગુરુજીએ અલ્લાહની સર્વ વ્યાપકતા સમજાવી. ગુરુજીએ કહ્યું, ''આપણે હિંદુ-મુસ્લિમ એવા ભેદભાવ ભૂલી જવા જોઈએ. હિંદુ દેવમાં માને છે, મુસ્લિમ ફિરસ્તામાં. મુસ્લિમ એક પુરુષરૂપ ઈશ્વરને માને છે, હિંદુઓ નિરાકાર નિરંજન, સર્વવ્યાપી, અનંત, અક્ષય ઈશ્વરમાં માને છે. સર્વધર્મનાં મૂળ તત્ત્વો એક જ છે. સ્થાન-કાલાનુસાર રીતરિવાજોને કારણે તે વિભિન્ન લાગે છે.

ગુરુજી બગદાદ ગયા. ત્યાંનો ખલીફા ઘણો લોભી હતો. લોકોએ ગુરુજીને ખલીફાનો લોભ દૂર થાય અને રાજ્યમાં પ્રજા સુખી બને એવું કરવા વિનંતી કરી. ગુરુજીએ યુક્તિ કરી, તેમણે એક તુંબડીમાં કાંકરા ભર્યા અને તે લઈ ખલીફા પાસે જઈ વિનંતી કરી, ''મારી આ અનામત રાખી મૂકો ને.'' ''પણ તમે લઈ જશો ક્યારે ?'' ખલીફાએ પૂછ્યું, ''એ તો કાંઈ નક્કી ન કહેવાય, પણ એમ કરજો.... કયામતને દિવસે આપણે મળીશું જ. તમે ત્યાં લેતા આવજો ને.''

''એ પાગલ...'' ખલીફા બરાડી ઊઠ્યા, પણ મર્મવચન સાંભળી-સમજી શાંત થઈ ગયા. ખલીફાનું હૃદયપરિવર્તન થઈ ગયું. ત્યાંના લોકો ગુરુજીને આજે પણ 'નાનક પીર'ના નામથી હર્ષપૂર્વક સ્મરણ કરે છે.

ગુરુજી ભારત આવ્યા પણ એકલા. તેમનો હરહંમેશનો સાથી તેમની સાથે ન હતો. તે તો બોખારા પ્રાંતના એક શહેરમાં ગુરુજીના ખોળામાં મસ્તક મૂકી સદા માટે પોઢી ગયો હતો.

ગુરુજી કર્તાપુરમાં આવી સ્થિર થયા. અવસ્થા થઈ હતી. પોતાનું કામ આગળ ધપાવવા સુયોગ્ય માણસની જરૂર હતી. શ્રીચંદ્ર અને લક્ષ્મીચંદ્ર આને માટે અનુકૂળ ન હતા. સૌ સૌની મર્યાદા હતી. ગુરુજીએ આ ગાદી વંશપરંપરાગત ન રાખી. તેમાં રૂઢિ તોડી.... પોતાના જ એક શિષ્ય લહનાને અંગદ નામ આપી ગાદીએ બેસાડ્યો. ગુરુજીએ તેની કસોટી કરી લીધી હતી. તેમણે સૌને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું, ''હવે મારો જવાનો દિવસ આવ્યો છે. તમે સૌ સંપથી રહેજો. મારાથી જે બન્યું તે મેં કર્યું છે. અંધશ્રદ્ધા, વહેમ, કુરિવાજો વગેરેમાં ફસાશો નહીં. સૌ સમાન છે. કોઈ ઊંચ નથી, કોઈ નીચ નથી. નાતજાતના વાડા તોડજો. કર્મથી માણસ મહાન બને છે. સચ નામ છોડશો નહીં, દંભ છોડજો. ગુરુશરણ લેજો.''

અને એક દિવસે ગુરુજીએ સ્વહસ્તે ગાયનું છાણ લાવી ચોકો કર્યો અને ૐ સત્ શ્રી અકાલ! ૐ સત્ શ્રી અકાલ!-નું ઉચ્ચારણ કરતા કરતા પરંધામમાં પહોંચી ગયા. ૭ સપ્ટેમ્બર, ૧૫૩૯નો એ દિવસ.

ગુરુજીના મૃત્યુ પછી તેમના પાર્થિવ દેહ માટે ઝઘડો ઊભો

થયો. હિંદુઓ કહે અગ્નિદાહ આપીએ, મુસલમાનો કહે દાટીએ. બંને કોમના શિષ્યો ઝઘડવા માંડ્યા. આ જ સમયે કેટલાક સંતો આવ્યા. તેમણે ઝઘડાની વાત જાણી કહ્યું, ''ભાઈ, જરા દેહને તો બતાવો, દર્શન કરી લઈએ.'' ચાદર ખોલી તો દેહ નહીં, પુષ્પો મળ્યાં. ઝઘડો પતી ગયો. હિંદુઓએ પુષ્પનો અગ્નિદાહ કર્યો. મુસ્લિમોએ એ પુષ્પોનો ભૂમિવાસ કર્યો. ગુરુજીના ભક્તોએ એમનું સ્મારક બનાવ્યું, જે રાવી નદીના પૂરમાં વહી ગયું.

ભૌતિક-સ્થૂળ સ્મારક નાશ પામ્યું, પરંતુ શીખ ધર્મ એ એમનું અમર સ્મારક છે. વળી ભક્તોએ નદીકિનારે 'ડેરા બાબા' નામનું નગર વસાવ્યું. એક સમયે ગુરુજી જ્યાં ધ્યાનમગ્ન રહેતા હતા ત્યાં એક મંદિર બંધાવ્યું. ગુરુ નાનક બાદ એમના આઠ પ્રધાન શિષ્યો અને તેમના પ્રશિષ્યોએ એક મહાન શીખ સંપ્રદાય ચલાવ્યો.

આ છે ગુરુજીના જીવનની એક અછડતી ઝલક. તેમની સ્મૃતિને વંદના કરી પી. આર. ખોસલાના શબ્દોમાં આપણો સૂર પુરાવીએ. તેમણે કહ્યું, ''રાષ્ટ્રીય એકતાનું સ્વપ્ન એ આધુનિક રાજ્યોનો એકાધિકાર નથી. એ સ્વપ્ન મોગલ સમ્રાટ અકબર અને નાનકને પણ આવેલું. Akbar and Nanak both believed in one people. The former because of oneness of state. The latter because of oneness of God.

ૐ સત્ શ્રી અકાલ ! ૐ સત્ શ્રી અકાલ ! ૐ સત્ શ્રી અકાલ !

શીખ સંપ્રદાયના સ્થાપક ગુરુ ગોવિંદસિંહ જેઓ ગુરુ નાનકની

ગાદી પરના દશમા ગુરુ છે. ''શીખ એ શિષ્ય શબ્દનું અપભ્રંશ રૂપ છે. આ શિષ્ય પરંપરા છે. સત્ નામને ઓળખવા, ગુરુની શરણાગતિ સ્વીકારી શિસ્તમય જીવનની દીક્ષા લે તે શીખ.''

શીખ ધર્મ (હવે પછી આપણે એને ધર્મ જ કહીશું કારણ આ પ્રચલિત શબ્દ છે, વાસ્તવમાં એ સંપ્રદાય છે - હિંદુ ધર્મનો એક ભાગ છે). સત્પુરુષનો ધર્મ છે - સજ્જનતાનો ધર્મ છે - ભલાઈ, નિર્ભયતા અને કુરબાનીનો ધર્મ છે. આ ધર્મે પાખંડતાને પડકારી છે. વીરતા પ્રેરી છે. નાતજાતનાં બંધન તોડ્યાં છે. ઈશ્વરભક્તિમાં સૌને સમાન ગણ્યાં છે. સ્ત્રીઓ, અંત્યજો, શૂદ્રો તથા હલકા કુળના માણસો માટે ધર્મનાં બારણાં ખોલી નાખ્યાં છે. લોકોને અભય મંત્ર આપ્યો છે. હિંદુ-મુસ્લિમ પ્રજાને એકબીજાની નજીક આણી છે. તેમનામાં ભાવાત્મક એકતા લાવવા પ્રયાસ કર્યો છે.

શીખ ધર્મ ભક્તિપ્રધાન ધર્મ છે. એમાં પરમાત્માને 'વાહિ ગુરુ કે અકાલ પુરુષ' કહેવામાં આવે છે. સાકાર-નિરાકાર ઉપાસનાનો સમન્વય અહીં જોવા મળે છે. નિરાકાર ઉપાસનાને મહત્ત્વ આપવામાં આવ્યું હોવા છતાંય નામશ્રવણ તથા નામ-કીર્તનને મહત્ત્વ આપવામાં આવ્યું જ છે. આમ કરી નવધા-ભક્તિના કેટલાક સિદ્ધાંતો અપનાવી લેવામાં આવ્યા છે.

શીખમત માને છે કે ચોરાસી લાખ ફેરા ફર્યા પછી મનખાદેહ મળે છે. આવો મોંઘો દેહ પામી રામનામ સ્મરણ કર્યું નહીં તો પછી આ દેહ શા કામનો ? નામસ્મરણ કરવા માટે વનમાં જવાની કે કોઈ વિશેષ પોશાક પહેરવાની કે કોઈ બાહ્યાચાર અપનાવવાની જરૂર નથી. સૌને સંસારમાં જલકમલવત્ રહેવા

ઉપદેશ આપવામાં આવ્યો છે.

શીખમતમાં નામદેવની સમદષ્ટિ, કબીરની ગુરુભક્તિ, હિંદુ-મુસ્લિમ ભેદભાવનો ત્યાગ, ધના ભગતની ભક્તિની તન્મયતા તેમ જ રવિદાસના સેવકભાવને આદરપૂર્વક સમાવી લેવામાં આવ્યાં છે. શીખમતે અકાલ પુરુષ સુધી પહોંચવાના તથા તેને કરવાનાં સર્વ સાધનોનો ખુલ્લા મને સ્વીકાર કર્યો છે.

શીખમતમાં સ્મરણને મહત્ત્વ આપવામાં આવ્યું છે. ગુરુ નાનક આદિ સંતોએ નામને ખજાનો કહ્યો છે. ભક્તોની એ પૂંજી છે. ઘરમાં રહી નામસ્મરણ કરી શકાય છે. તે અવતારવાદનું ખંડન કરતો નથી, તેનો સ્વીકાર કરે છે અને એના પરમપિતાની ઝલક નિહાળે છે. તે ઈશ્વરને સર્વવ્યાપી માને છે. એની ભક્તિ તો હસતાંરમતાં, ખાતાંપીતાં, હરતાંફરતાં કરી શકાય છે. નાનકના જ શબ્દોમાં:

''નાનક સતગુરુ ભેટિયે પૂરી હોવે જુગતિ,
હંસદિઓં, ખેલદિઓં, પૈનંદિઓં, ખાવંદિઓ વિચૈહોવે મુક્તિ.''

શીખ મત સંકીર્ણ નથી. સર્વ માટે મંગળકામના કરે છે. શીખ જો સૌને પ્રેમ કરે તો જ તેની ભક્તિની પૂર્ણતા માનવામાં આવે છે. આમ શીખમત - જ્ઞાનપ્રધાન, કર્મપ્રધાન, પ્રેમપ્રધાન તેમ જ રાષ્ટ્રપ્રધાન ભક્તિ સ્વીકારી સૌને સમન્વયાત્મક રૂપે એક નાની પ્રતિદિન આરજૂ કરે છે:

''નાનક નામ ચઢ દી કલા, તેરે ભાને સરવત્ત દા ભલા.''

(હે પ્રભુ અમારી કળા ચઢતી રહે, સૌનું ભલું થતું રહે.)

શીખ ધર્મના સિદ્ધાંતો સંક્ષેપમાં નીચે પ્રમાણે ગણાવી શકાય:

## એકેશ્વરવાદ-મૂર્તિપૂજા વિરોધ-મોક્ષ

ઈશ્વર એક છે. સત્નામ ઈશ્વરનું પર્યાયવાચી છે. મૂર્તિપૂજાથી ઈશ્વરનું વ્યાપકત્વ સીમિત બની જાય છે. મોક્ષને પરમ પુરુષાર્થ માનવામાં આવ્યો છે. પ્રભુકૃપા હોય તો જ મોક્ષ મળી શકે છે. મોક્ષ મેળવવા સંન્યાસી બનવું જરૂરી નથી. સંસારમાં રહી મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. નામસ્મરણ કરતા રહેવું જોઈએ.

## કર્મ-પુનર્જન્મ સિદ્ધાંત

જેવું વાવશો તેવું લણશો. કર્મોથી ભવિષ્ય ઘડાય છે. પુનર્જન્મનો સ્વીકાર કરવામાં આવ્યો છે. સૌ જન્મોમાં મનુષ્યજન્મ સર્વશ્રેષ્ઠ છે. સારાં કર્મો નહીં કરો તો પાછું ચક્કર શરૂ થઈ જશે.

## સમાનતા

ઈશ્વરભક્તિમાં સૌ સમાન છે. કોઈ ઉચ્ચ નથી તો કોઈ નીચ નથી.

## ગુરુમહિમા

ગુરુ શ્રેષ્ઠ છે. તે 'સત્નામ' ઓળખાવે છે. ગુરુ જીવ અને શિવને જોડતી કડી છે.

શીખ ધર્મમાં દશ ધર્મગુરુઓ થઈ ગયા છે. અગિયારમા ધર્મગુરુ 'ગુરુ ગ્રંથસાહેબ'ને માનવામાં આવે છે.

ગુરુ નાનક એ ધર્મસંસ્થાપક છે. તેઓ પહેલા ગુરુ છે. પંજાબી ભાષાના એ મહાન કવિ છે. તેમની કૃતિઓથી પંજાબી ભાષા સમૃદ્ધ બની છે. ગુરુ નાનકની વાણીને 'ગ્રંથસાહેબ'ના પ્રથમ મહોલ્લામાં સંકલિત કરવામાં આવી છે. 'જપજી' તેમની

પ્રાર્થનાઓનો સંગ્રહ છે.

ગુરુ નાનકે જ્યેષ્ઠ નહીં શ્રેષ્ઠને મહત્ત્વ આપ્યું. ગુરુગાદી પર પોતાના પુત્રને ન બેસાડતાં તેમના શિષ્યોમાંથી દોરડાં વણવાનો વ્યવસાય કરતા 'લહના' નામના શિષ્યને 'અંગદ' નામ આપી ગુરુગાદીએ બેસાડ્યો.

ગુરુ અંગદે 'ગુરુમુખી' લિપિની રચના કરી. સાધુસંતો અને અન્ય માટે 'લંગર'ની વ્યવસ્થા કરી.

ત્રીજા ગુરુ તે ગુરુ અમરદાસ. તેઓ પરમ વૈષ્ણવ હતા. તેમણે શીખસંગઠન મજબૂત કર્યું. ધર્મ-ચૈતન્ય ટકાવી રાખ્યું. શીખ ધર્મના પ્રચાર-પ્રસાર માટે કેન્દ્રો સ્થાપ્યાં. તેઓ પડદાપ્રથા તથા સતી થવાની પ્રથાના વિરોધી હતા. તેમણે જ્ઞાતિના વાડા દૂર કર્યા. અકબરે અમરદાસજીને ૫૦૦ વીઘાં જમીન આપી હતી.

ચોથા ગુરુ રામદાસે રાજ્યસત્તા સામે ટક્કર લેવા તથા ધર્મપ્રચાર માટે તથા ખર્ચને પહોંચી વળવા શિષ્યો પાસેથી નિયમિત દક્ષિણા લેવાની પ્રથા શરૂ કરી. અકબર બાદશાહે જે ૫૦૦ વીઘાં જમીન અમરદાસને આપી હતી ત્યાં તેમણે અમૃતસરના વિખ્યાત સરોવર તથા હરિમંદિરનો પાયો નાખ્યો હતો.

પંચમ ગુરુ અર્જુનદેવનું ગુરુપરંપરામાં ખૂબ મહત્ત્વનું સ્થાન છે. 'ગુરુ ગ્રંથસાહેબ'નું સંપાદન તેમણે કર્યું. તેમણે હરિમંદિર - જે પાછળથી સુવર્ણમંદિર નામે પ્રસિદ્ધ થયું અને અમૃતસરોવરનું બાંધકામ પૂર્ણ કરાવ્યું. તેમની વાણી 'સુખમની' નામે પ્રસિદ્ધ છે. તેમના સમય દરમિયાન જ 'ગુરુ ગ્રંથસાહેબ'ની પૂજા-અર્ચા વિધિનો પ્રારંભ થયો. તેમણે શિષ્યો પાસેથી તેમની આવકનો

દશાંશ ભાગ લેવાનું પણ ઠરાવ્યું.

ગુરુના કેટલાક વિરોધીઓએ 'ગ્રંથસાહેબ'માં કેટલાંક વાંધાભર્યાં લખાણો છે કહી અકબર બાદશાહની કાનભંભેરણી કરી, પરંતુ અકબરશાહને એવું લાગ્યું નહીં. અકબરશાહ પછી જહાંગીર ગાદીએ આવ્યો. તેણે ગુરુદેવને 'ગ્રંથસાહેબ'માંથી કેટલાક ભાગ કાઢી નાખવા કહ્યું. ગુરુદેવે આ સૂચનનો ઈન્કાર કર્યો અને સંઘર્ષનો પ્રારંભ થયો. જહાંગીરે ગુરુનો બે લાખ રૂપિયા દંડ કર્યો. ગુરુએ દંડ ભરવા ઈન્કાર કર્યો. જહાંગીરે ગુરુને કેદ કરી લીધા અને પછીની વાત જાણીતી છે. ગુરુએ શહીદી વહોરી લીધી. શીખ ધર્મનું સત્તા સાથેનું આ મહત્ત્વનું ઘર્ષણ. જો જહાંગીરે ગુરુ સાથે વિવેકપૂર્વક કામ લીધું હોત તો ભારતનો ઈતિહાસ કાંઈક જુદો જ હોત. . . પણ વિધિને એ મંજૂર ન હતું. શીખ કોમ લડાયક કોમમાં પરિવર્તન પામી એમાં જહાંગીરનો મોટો હાથ હતો એની ના કહી શકાય નહીં. તેણે શીખ ગુરુને પીડા આપી પીડા વહોરી.

છઠ્ઠા ગુરુ હરગોવિંદજીએ હરિમંદિરમાં સિંહાસન બનાવડાવ્યું. પોતાની જાતને બાદશાહ કહેવડાવવા લાગ્યા. તેમણે પંચગુરુને થયેલ અન્યાયના પ્રતિકાર માટે પ્રતીકરૂપે શસ્ત્રો ઉપાડ્યાં અને શિષ્યોને શસ્ત્રસજ્જ થવા હાકલ કરી. શાંતિપ્રિય શીખોને શૌર્ય અને સાહસના પાઠ પઢાવ્યા. લશ્કર રાખ્યું. કિલ્લા બાંધ્યા. મોગલો જોડે ટક્કર લીધી. આ સંઘર્ષ દિવસે દિવસે વધતો જ ગયો. શાહજહાંએ ગુરુ હરગોવિંદજીને દશ વર્ષ સુધી કારાવાસમાં ધકેલી દીધા હતા.

સાતમા ગુરુ તે હરરાયજી. દારા તેમનો શિષ્ય-મિત્ર હતો અને

આથી તેમને વેઠવું પડ્યું હતું.

આઠમા ગુરુ હરકિશનજી બાળગુરુ હતા. તેમણે પોતાની વાણીથી ઔરંગઝેબને પ્રસન્ન કરેલ. તેમણે સત્તા સામે ક્યારેય નમતું જોખ્યું ન હતું. સત્તાનું શરણું સ્વીકાર્યું ન હતું. શીતળાના પ્રકોપથી બાળગુરુ અકાળે લીલા કરી ગયા.

નવમા ગુરુ તેગબહાદુર શૂરવીર, યોદ્ધા તેમ જ મહાન કવિ હતા. ઔરંગઝેબે તેમને કેદ કર્યા હતા. તેમને ઈસ્લામ સ્વીકારવાનું ફરમાન કર્યું હતું. પણ ગુરુજીએ ઈસ્લામ સ્વીકારવાનો સાફ સાફ ઈન્કાર કરી દીધો. ઔરંગઝેબે તેનો શિરચ્છેદ કરવાનો હુકમ કર્યો. ગુરુજી શાંત રહ્યા, હસતા રહ્યા, 'જપજી'નો પાઠ કરતા રહ્યા અને મૃત્યુને ભેટ્યા. ધર્મ માટે પ્રાણત્યાગ કરવાની પ્રેરણા પાતા ગયા.

ગુરુના બલિદાનથી શીખ પ્રજા વધુ ઉગ્ર બની. ગુરુ-ગાદીએ, - ''સવા લાખસે એક લઢાવું, તબ ગુરુ ગોવિંદસિંહ નામ કહલાઉં -'' આ પ્રસિદ્ધ ઉક્તિના સર્જક ગુરુ ગોવિંદસિંહ બિરાજ્યા. તેઓ દશમગુરુ. ગુરુપરંપરા અહીં સમાપ્ત થઈ. પણ ગુરુ ગોવિંદસિંહે દીર્ઘદષ્ટિ વાપરી ગુરુપરંપરા બંધ કરી 'ગુરુ ગ્રંથસાહેબ'ને ગુરુગાદીએ બેસાડ્યા. ગુરુ ગોવિંદસિંહે સિંહ સર્જ્યા. શીખો સિંહ બન્યા. તેમણે શીખોને કેશ, કિરપાણ, કચ્છ, કડું અને કાંસકી ધારણ કરવાનો ઉપદેશ આપ્યો. સંગઠનમાં જ્ઞાતિપ્રથા બાધક થતી લાગતાં તેમણે જ્ઞાતિપ્રથા દૂર કરી. નાતજાતનાં બંધનો ફગાવી દીધાં. તેમણે શીખોને લડાયક બનાવ્યા. પાંચ પ્યારા તેમના ધર્મ માટે યુદ્ધે ચઢનાર શીખો ખાલસા (મુક્ત) કહેવાયા.

ગુરુ ગોવિંદસિંહે ઔરંગઝેબ સામે યુદ્ધ પોકાર્યું. તેનો મુલક જીતવા માંડ્યો. ઔરંગઝેબે ગુરુના બે પુત્રોને - જેઓ યુદ્ધમાં પકડાયા હતા - જીવતા ચણી લેવાનો હુકમ કર્યો. વીરનાં સંતાન વીર જ હોય. બાળકો હસતા હસતા ચણાઈ ગયા. જીવ બચાવવાનો લેશ પણ પ્રયત્ન ન કર્યો. આ ગુરુપુત્રોના વધનો બદલો બંદા વૈરાગીએ લીધો હતો તે વાત તો જાણીતી છે જ. ગુરુ અણનમ રહ્યા. વર્ષો સુધી યુદ્ધો ખેલાયાં. છેવટે ઔરંગઝેબ મિત્રતા કરવા ઉત્સુક બન્યો. પણ ઔરંગઝેબ ખુદાને પ્યારો બની ગયો. બહાદુરશાહ ગાદીએ આવ્યો. તેણે ગુરુ ગોવિંદસિંહનો સત્કાર કર્યો. ગુરુએ દક્ષિણમાં ગોદાવરી તટે અવિચલનગર વસાવ્યું.

ગુરુ ગોવિંદસિંહે ગુરુપરંપરાનાં જોખમો સમજી-વિચારી આંતર-બાહ્ય મુશ્કેલીઓ દૂર કરવા ગુરુપ્રથા બંધ કરાવી દીધી. 'ગુરુ ગ્રંથસાહેબ' ગુરુગાદીએ બિરાજ્યા. આજે તેમને જ ગુરુ માનવામાં આવે છે.

શીખ ધર્મ - શરૂઆતનો એક વિનમ્ર ભક્તિ સંપ્રદાય - મોગલ બાદશાહોની પજવણીને કારણે શસ્ત્રસજ્જ, શિસ્તબદ્ધ, ખમીરવંતી ખાલસા ફોજમાં ફેરવાઈ ગયો. શીખ ગુરુઓ એટલે કેવળ યુગપ્રિય, બળવાન પ્રજા ઊભી કરનાર વીર પુરુષો જ નહીં, પરંતુ આદર્શ સમાજસુધારકો, આદર્શ ધર્મસુધારકો, રાજનીતિનિપુણ મહાપુરુષો.

આપણે એ પુરુષોને ચરણે શ્રદ્ધા સહિત મસ્તક નમાવી તેમની આશિષ વાંચ્છીએ.

'ગ્રંથસાહેબ', 'દશમગ્રંથ', 'જપજી' અને 'સુખમની'

શીખ ધર્મના મહત્ત્વના ગ્રંથો છે. ગ્રંથસાહેબમાં ધર્મગુરુઓની વાણી છે. આની એક વિશેષતા છે. બધા ધર્મગુરુએ વાણીને અંતે પોતાનું નામ ન મૂકતાં પોતાના આદ્ય ગુરુ 'નાનક'નું નામ મૂક્યું છે. પોતાની વાણી 'નાનક'ને નામે ચઢાવી દીધી છે. આથી ક્યારેક કોની વાણી કઈ છે એ કહેવું મુશ્કેલ પડે છે. હા, ગ્રંથસાહેબમાં દરેક વાણીના ઉપર જે તે ગુરુની વાણી હોય, તે ગુરુનાં નામ અવશ્ય મૂકવામાં આવ્યાં છે.

ગ્રંથસાહેબ તો સંતોનું મિલનસ્થળ છે. એમાં જયદેવ, નામદેવ ત્રિલોચન, પરમાનંદ, સદન, બેની, રામાનંદ, ધનાજી, પીપાજી, સેન કબીર, રૈદાસ, સુરદાસ, ફરીદ, ભીખન અને મીરાંની વાણીનું સંકલન કરવામાં આવ્યું છે.

ગુરુદ્વારાઓમાં 'ગ્રંથસાહેબ'નો અખંડ પાઠ થયા કરે છે. અડતાળીસ કલાકમાં આ પાઠ પૂરા થાય છે. પાઠ કરનારને 'પાઠી' કહેવામાં આવે છે. શીખો પોતાને ત્યાં સારાનરસા પ્રસંગે 'ગ્રંથસાહેબ'નો પાઠ કરાવે છે.

**જપજી :** જપજીના પાયા ઉપર જ શીખોનું શાસ્ત્ર રચાયું છે. ગ્રંથસાહેબનો પ્રારંભ જપજીથી થાય છે. ગુરુ નાનકે અમર શાંતિ પામવા કઈ કઈ સ્થિતિમાંથી પસાર થવું પડે છે તેનું નિરૂપણ તેમાં કર્યું છે. ધર્મ, જ્ઞાન, શરણ, કર્મ અને સચ – આ પાંચ ભૂમિકામાંથી પસાર થવાનું રહે છે. આ ભક્તિકાવ્યો શીખો પ્રભાતના પહોરમાં ગાય છે. જપજીનો મૂળ મંત્ર આ છે: ''ઈશ્વર એક છે, તેનું નામ સત્ય છે. તે સર્જનહાર છે. તે શત્રુતામાંથી મુક્ત છે. તે અમર, અજર, અજન્મા-નિરાકાર સ્વયંભૂ છે. ગુરુકૃપાથી તેનો સાક્ષાત્કાર થઈ શકે છે. તે સૃષ્ટિ

પહેલાં હતો, અત્યારે પણ છે અને પછીથી પણ હશે.'' આમાં વેદાંતનો સાર આવી જાય છે.

**સુખમની :** પંચ ગુરુ અર્જુનદેવની વાણીનો સંગ્રહ છે. આ વાણી અર્જુનદેવને 'કવિ'પદ અપાવે છે.

**દશમગ્રંથ :** દશમગુરુ ગોવિંદસિંહની આ ઓજસ્વી વાણી છે. આ છે શીખ ધર્મનું આછું રેખાદર્શન. આ તો - બાળપોથી - ચાલણગાડી - જેવું છે. કહો કે ગંગાના પ્રવાહમાંથી લીધેલું એક આચમન જળ જ છે.

## નાનકવાણી

❀ ગુરુમૂર્તિનું ચિંતન કરો. તેમના વચનને વેદવાક્ય માનો. ગુરુનો પદધ્વનિ હૃદયના ખૂણેખૂણામાં ગુંજવા દો. ગુરુ અનંત સ્વરૂપ છે. તેમને પ્રણામ કરો.

હૃદયમાં ગુરુનું ધ્યાન ધરો. મુખેથી ગુરુમંત્રનો જપ કરો. જેના પર પ્રભુકૃપા વરસે છે તેને જ દિવ્યતા પ્રાપ્ત થાય છે. પરંતુ આવા લોકો ખૂબ જ ઓછા હોય છે. કેટલાક પસંદગીપાત્ર લોકોને જ આ દાન મળે છે.

❀ ઓ મારા કાન, જે સત્ય સાંભળવા માટે તને શરીર સાથે જોડવામાં આવ્યા છે, તે જલદી સાંભળ. એ અનંત સંગીતનું, સત્ય વચનનું અર્થાત્ પરમ શબ્દનું શ્રવણ કર.

❀ આત્મોન્નતિ દ્વારા ઈશ્વર સુધી પહોંચવા માટે ત્રણ વસ્તુ જરૂરી છે : (૧) સદ્‌ગુરુ, (૨) સત્સંગ અને (૩) સત્‌નામ.

❀ પ્રત્યેક પ્રાણીને સમાન માનો.
મનને જીતો
આત્મવિજય એ જ વિશ્વવિજય છે.

ભગવાનનો જયજયકાર થાઓ.
મૂળ, શુદ્ધ, અનાદિ અને
અપરિવર્તનશીલ પ્રભુનો જય હો !

❋ સત્ય, સંતોષ અને પ્રેમાચરણ કરીશ ત્યારે જ ઈશ્વરનામ તારું પાથેય બનશે. પાપને મનમાંથી હાંકી કાઢીશ ત્યારે જ સત્યપ્રભુ તારા પર સત્યની વર્ષા કરશે.

❋ હે પ્રભુ ! તારો કોઈ પણ ભક્ત સદાચરણ વિનાનો હોઈ ન શકે.

❋ બ્રહ્મચર્યની ભઠ્ઠી બનાવો,
ધૈર્ય બને લોહાર;
ઈશ્વરવાણી બને એરણ,
અને સત્યજ્ઞાન બને હથોડો.
ભગવાનના લયની ધમણ બનાવો,
અગ્નિ પ્રજ્વલિત કરી
પ્રેમપાત્રમાં પીગળાવો.
ઈશ્વરીય અમૃત.
શરીરને ખેતર માની
શુભ કર્મનાં બી વાવો.
ઈશનામની સિંચાઈ કરી
હૃદયને બનાવો કિસાન.

અને ત્યારે હૃદયમાં ઈશ્વર અંકુરિત થશે. તને નિર્વાણપદની ફસલ મળશે.

❋ પવિત્ર ધર્મગ્રંથોના શ્રવણને વ્યાપાર સમજ. સત્યરૂપી અશ્વોને વેચવા લઈ જા. પાથેયમાં સદ્‌ગુણોને બાંધી લે. આવનાર કાલની મનમાં ચિંતા ન કરીશ. ઈશ્વરી ક્ષેત્રમાં પહોંચી

જઈશ ત્યારે ઈશ્વરનિવાસે તને સુખ પ્રાપ્ત થશે.

* સદ્‌વચનોની ભૂમિમાં ઈશ્વર નામનું બી વાવ. સત્યરૂપી જળનું સિંચન કર. ત્યારે શ્રદ્ધા-અંકુર ખીલશે અને પછી તો મૂર્ખ પણ સ્વર્ગ અને નરકનું અંતર સમજી શકશે.

* દુરાગ્રહી તપશ્ચર્યા કે વિભિન્ન ધાર્મિક વેશભૂષાથી ઈશ્વર પ્રસન્ન થતો નથી. જેણે આ શરીરને પાત્ર બનાવી તેમાં અમૃતતુલ્ય જ્ઞાન રેડ્યું છે તે કેવળ માનવસેવા અને પ્રેમથી જ પ્રસન્ન થઈ શકશે.

* સત્ય, આત્મસંયમ અને સદાચારમાર્ગનું અનુકરણ કર. નામજપ સ્નાનથી આત્મશુદ્ધિ કર.

* જે પાપમાર્ગે વળતો નથી તે જ પરલોકમાં શ્રેષ્ઠ છે. કોઈ સત્પુરુષ નથી કે કોઈ દુરાત્મા નથી.

* એ તો કેવળ પડઘા માત્ર છે.
જેવી કરણી તેવી ભરણી.
ઈશ્વરેચ્છા પ્રમાણે આવનજાવન ચાલુ રહે છે.

* પરાધીનતા અને મોક્ષ ઈશ્વર સંકલ્પાધીન છે. બીજા કોઈને એમાં દખલ કરવાનો અધિકાર નથી. જો કોઈ આવા અધિકારની ચેષ્ટા કરશે તો તેને તેની ધૃષ્ટતાની સજા થશે.

* આપણે જે કાંઈ પામીએ છીએ તે તો કેવળ ઈશ્વરની આજ્ઞાથી જ પામીએ છીએ. ઈશ્વરે આ સૃષ્ટિની રચના કરી છે અને તે જ આ સૃષ્ટિ પર દેખરેખ રાખે છે.

* રાત, દિન, માસ અને ઋતુ,
અગ્નિ, વાયુ, જળ અને પાતાળ,
ઈશ્વરે સૌની રચના કરી છે.

આ બધાની વચ્ચે પૃથ્વીને
ધર્મખંડ બનાવી છે.
એ કર્મક્ષેત્ર છે.
અહીં
અનેક પ્રકારનાં, અનેક વર્ણનાં
અનેક રૂપનાં અસંખ્ય પ્રાણી પેદા કર્યાં છે.

આ સૌની ગણના ક્યારેય થઈ શકતી નથી. પ્રત્યેક પ્રાણીનો તેના કર્મ પ્રમાણે ન્યાય થાય છે, કારણ ઈશ્વર સત્ય છે, તેનો નિયમ નિર્દોષ છે. જે ઈશ્વરને પ્રસન્ન કરી શકે છે તે ઈશ્વર-દરબારમાં સન્માન પામે છે. ઈશ્વરની દયાથી તેને આ માન પ્રાપ્ત થાય છે.

❋ ઈશ્વર વિચાર અને સર્જન કરે છે તે તેની મહાનતાની મર્યાદાનુરૂપ નિઃસ્વાર્થ રચના કરે છે. તેને સ્વીકાર્ય હોય તેવી જ તે આજ્ઞા કરે છે. ત્યાં બીજા કોઈની આજ્ઞા ચાલતી નથી. રાજાધિરાજ ઈશ્વરની ઇચ્છા દ્વારા જ બુદ્ધિમાનોનું અસ્તિત્વ છે.

❋ સત્‌નામનો સહારો લેનારા જ શાંત તેમ જ આનંદી જીવન ગાળે છે. ગુરુવાણી દ્વારા સત્ય પ્રાપ્ત કરી લે છે અને તેનાં પાપ ધોવાઈ જાય છે.

❋ બધું જ તેની ઇચ્છા અને તેના નામે થાય છે. હે નાનક, જો કોઈ પોતાને મહાન માને તો તેનો ત્યાં જ અંત આવી જાય છે, તે આગળ વધી શકતો નથી.

❋ કોઈ ઈશ્વર સાથે એકરૂપ થઈ જાય છે તો કોઈ તેનાથી દૂર થઈ જાય છે. એ પ્રભુની જેવી ઇચ્છા હશે તેવું થશે. એના વિના બીજું કોણ એવું કરી શકે તેમ છે.

❀ ઈશ્વરની ઈચ્છા જ સાકાર થશે. પ્રારબ્ધને કોઈ દૂર કરી શકતું નથી.

❀ મનુષ્ય સંસારમાં નગ્ન આવે છે અને નગ્ન જ જાય છે. ઈશ્વરની કલમે મનુષ્યના લલાટે લખેલ ઈચ્છા જ ફળીભૂત થશે.

❀ ઈશ્વરનું નામ તો સૌ કોઈ લે છે; પરંતુ કેવળ ઈશ્વરનામ લેવાથી જ કોઈ તેને પામી શકતું નથી.

પણ ગુરુકૃપાથી ઈશ્વર મનમાં વસી જાય તો ફળ મળે છે. તારા ઘરમાં ધનભંડાર ભર્યા છે, બહાર તો કશું જ નથી. ગુરુકૃપાથી પામીશ તું. ઊઘડી જાશે એનાં દ્વાર.

❀ જે આદિકાળમાં હતા અને અંતમાં પણ શેષ રહેશે તે જ મારા ગુરુ છે. તે અતિ ઉદાર, ઇન્દ્રિયાતીત તેમ જ પરાત્પર છે. ગુરુ નાનકે એ ગુરુ મેળવી લીધા છે.

❀ જેને માટે તું જન્મ્યો છે, તેને જરૂરી હોય તેનો જ સંબંધ રાખ.

❀ ગુરુકૃપાએ તારા હૃદયમાં પ્રભુનો થાશે વાસ. પ્રેમસહિત અને એકનિષ્ઠ ભક્તિભાવથી ગુરુદેવની સેવા કર. સત્ય ગુરુ છે. પૂજ્યથીય અધિક પૂજ્ય તારી બધી મનોકામનાઓ પૂર્ણ કરશે. તારું અંતર જેને માટે વ્યાકુળ છે એ આશીર્વચનોનો સંચય કરી લે.

❀ આવો, સત્સંગમાં બેસી ભગવત્-નામ લો.

ઈશ્વર-નામ શાંતિ-સાગર છે,
ગુરુ દ્વારા એ મેળવી શકાય છે.
રાતદિન ધ્યાન ધરી પ્રભુનું
તું એમાં વિલીન થઈ જા.
તું જાતે ન રહે . . . એવું ધ્યાન ધર.

* ઈશ્વરનું નામ તો સૌ કોઈ લે છે, પરંતુ કોઈ તેના રહસ્યનો પાર પામી શકતું નથી. ગુરુકૃપાએ પોતાનામાં પ્રભુનામ ધારણ કરી લે તો ફળપ્રાપ્તિ થાય છે.
* કોઈ રાજાને મળવું હોય તો તેના કોઈ કૃપાપાત્રને મળવું પડે છે. કોઈ ઈશ્વરદર્શન માટે તલસતો હોય તો તેણે સૌ પહેલાં ઈશ્વરલીન થયેલ વ્યક્તિને મળવું પડે છે.
* કોઈએ ભ્રમમાં રહેવું જોઈએ નહીં. ગુરુકૃપા વિના કોઈ પેલે પાર જઈ શકતો નથી.
* સંતોનાં સત્ય વચનોને સાંભળો. સંતો જે પ્રત્યક્ષ દેખે છે, તે જ કહે છે.
* અરે નાનક, સર્વ ક્ષણભંગુર સંબંધો તોડી નાખ અને સદા સંતોની સંગત કર. આ જીવનમાં તને બધા જ છોડી જતા રહેશે; પરંતુ એક ઈશ્વર તારી સાથે આ લોકમાં અને પરલોકમાં રહેશે.
* જન્મ-મૃત્યુની પીડાથી ડરનારે સાધુની શોધ કરવી જોઈએ.
* પોતાને ઉપદેશક માને છે, પરંતુ બીજાની ભિક્ષા પર જીવન ગુજારે છે તેને મસ્તક નમાવશો નહીં. હે નાનક, જે પોતે પરિશ્રમથી જીવન ચલાવે છે તથા બીજાનું પોષણ કરે છે, તે જ માર્ગદર્શન આપી શકે છે.
* સંતદર્શન તેમ જ સંતસમાગમ એ જ સૌથી મોટું તીર્થ છે. એક સંતનાં દર્શન અડસટ તીર્થનાં પુણ્ય બરાબર છે.
* તીર્થયાત્રા કઠણ તપ અને નિયમનિષ્ઠ દાનધર્મ કરવાથી ઈશ્વર કદાચ અલ્પ સન્માન આપે; પરંતુ શ્રવણ, વાચન અને મનન દ્વારા ભક્તિભાવ જાગ્રત કરવાથી સ્વર્ગમાં સ્નાન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

સદ્ગુરુ રૂપી નીરમાં સ્નાન કર. શરીરે સત્યનો લેપ કર. તારું મોં દેદીપ્યમાન બની જશે. ઈશ્વર તને શતકોટિ દાન આપશે. ઓ મારા મન! જેના ચિંતનથી તને શાંતિ મળે છે, જેના શરણની કોઈ બરાબરી નથી એવા પ્રભુનું શરણ લે. દુઃખદર્દ તને સ્પર્શી શકશે નહીં. એકમાત્ર સત્ય પ્રભુની સેવા કર.

❋ હે ઈશ્વર, સદાચરણ વિના કોઈ પણ તારો ભક્ત થઈ શકશે નહીં.

❋ આ સંસાર જ ઈશ્વરનું મંદિર પરંતુ ગુરુ વિના અહીં અંધારું દેખાશે. આનાથી ઊલટો વિચાર કરનાર મહાન અજ્ઞાની કહેવાશે.

❋ ગુરુમાં ભગવાન જેટલી શક્તિ હોય છે. તે સર્જન, રક્ષણ તેમ જ સંહાર કરી શકે છે. ગુરુ દુષ્ટોને દંડ દેવાની તથા ગરીબ અને સદ્ગુણીની રક્ષા કરવાની ક્ષમતા રાખે છે.

❋ ગુરુએ એક વાત સ્પષ્ટ કરી દીધી છે કે ભગવાન સર્વહિતકારી છે, અને આથી હું એને (ઈશ્વરને) પળવાર પણ ભૂલીશ નહીં.

ગુરુસહાયથી લોકો જીવનસાગર તરી જાય છે, અને ઈશ્વરના દરબારમાં સન્માન પ્રાપ્ત કરે છે. નાનક, તેમને કીર્તિ મળે છે. તેમના હૃદયમાં નામસંગીત ગુંજતું હોય છે.

સાચા ગુરુ શાંતિના ગંભીર સાગર હોય છે. પાપસંહારક હોય છે. ગુરુસેવકને યમ પણ દંડ દેતો નથી. ગુરુની બરાબરી કોઈ કરી શકતું નથી. સાચા ગુરુએ મને નામખજાનો આપ્યો છે, મારું મન પ્રસન્નતાથી ભરાઈ ગયું છે.

❋ ભગવાન એક છે પણ એનાં રૂપ અનેક છે. ઈશ્વર સૃષ્ટિકર્તા

છે. તે જાતે માનવઅવતાર લે છે.

ભગવાન નિર્ભય છે, તેને કોઈ શત્રુ નથી. તે મૃત્યુથી પર છે. તે પુનર્જન્મથી મુક્ત છે.

ભગવાન બ્રહ્મ છે. તે સૃષ્ટિકર્તા છે. તેણે સક્રિય ઇચ્છા દ્વારા જ સમસ્ત જગતની રચના કરી છે.

ભગવાન અસીમ છે. આપણે સીમિત છીએ તેથી સીમિત (મર્યાદિત) શબ્દોમાં ભગવાનનાં ગુણગાન કરીએ છીએ; "આપની મહત્તાને અમે કેવી રીતે જાણીએ ?"

જે એક એકની મહત્તા, રહસ્ય, જાણી લે છે તે ઈશ્વર સાથે એકરૂપ થઈ જાય છે. પોતાની કોઈ ઇચ્છા રાખ્યા વિના ઈશ્વરની ઇચ્છાનુસાર આચરણ કરવું એ જ ઈશ્વર પ્રાપ્ત કરવાનું એકમાત્ર સાધન છે.

તે સર્વવ્યાપી ઈશ્વર નિ:શબ્દ, નિરાકાર અને અનામ છે. તે પ્રકટ થયો ત્યારે તેને 'શબ્દ' કે 'નામ'થી સંબોધિત કરવામાં આવ્યો. ઈશ્વર જ સમસ્ત સૃષ્ટિની ઉત્પત્તિ કરનાર છે.

ઈશ્વરની સર્વોચ્ચ ઇચ્છાને તાબે થઈ જાય છે તે જ વિજય મેળવે છે. બીજા કોઈ કર્મ દ્વારા વિજય મળતો નથી.

- શબ્દમાં જ સૃષ્ટિનો ઉદ્‌ગમ તેમ જ વિનાશ છે અને ફરી 'શબ્દ' દ્વારા જ સૃષ્ટિની રચના થાય છે.
- સનાતન સુખની શોધ કરવી હોય તેણે એ સર્વવ્યાપી ઈશ્વર અર્થાત્ 'નામ'નો છંદ લગાડી દેવો જોઈએ. 'નામ'માં જ સાચો આનંદ છે.
- સમસ્ત સંસાર સુખદુ:ખમાં ફસાયો છે. મનુષ્યનાં સર્વ કર્મો અહંકારજન્ય હોય છે. શબ્દ વિના અંધવિશ્વાસ કે અહંકારમાંથી

છુટાતું નથી.

❀ યુગો સુધી તર્ક-વિતર્ક કરવાથી ક્યારેય ઈશ્વર પ્રાપ્ત થશે નહીં.

❀ બાહ્ય મૌન દ્વારા કોઈ આંતરિક શાંતિ મેળવી શકતું નથી, પછી ભલેને તે યુગો સુધી મૌન બેસી રહે !

સમસ્ત સંસારનો વૈભવ સમર્પણ કરવા છતાંય કોઈ સંતોષ ખરીદી શકતું નથી.

પ્રશ્ન - સત્ય કેવી રીતે મેળવી શકાય ? મિથ્યાનાં વાદળો કેવી રીતે ભેદી શકાય ?

ઉત્તર - હે નાનક, આના માટે એક જ રસ્તો છે અને તે છે ઈશ્વરની ઈચ્છાને પોતાની ઈચ્છા સમજવી. તારી પોતાની કોઈ ઈચ્છા ન રાખ. તેની ઈચ્છાથી જ તારું અસ્તિત્વ છે.

આ સૃષ્ટિના સર્વ પદાર્થોનું પ્રગટીકરણ ભગવાનની ઈચ્છાનું અસ્તિત્વ છે. તેની ઈચ્છાનું વર્ણન કરી શકાતું નથી. તેની ઈચ્છા જીવન છે.

❀ ભગવાનની ઈચ્છાથી મહાનતા પ્રાપ્ત થાય છે. કોઈ ઉચ્ચ કુળમાં જન્મે છે કે કોઈ નીચ કુળમાં જન્મે છે તે પણ તેની ઈચ્છાથી જ.

❀ મનુષ્યનાં સુખદુ:ખ તેની ઈચ્છાથી જ અસ્તિત્વમાં આવે છે. તેની ઈચ્છાથી કેટલાય ધાર્મિકોને નિર્વાણ પ્રાપ્ત થાય છે.

તેની જ ઈચ્છાથી પાપી જીવ જન્મ-જન્માંતર સુધી પુનર્જન્મ લઈ ભટકતો રહે છે. તેની ઈચ્છાથી આ સંસારનું અસ્તિત્વ છે. તેની ઈચ્છા વિના કશું થઈ શકતું નથી.

હે નાનક, ભગવાનની ઈચ્છા સાથે એકાકાર થઈ જનારને

અહંકારમાંથી પૂરેપૂરી મુક્તિ મળે છે.

કેટલાક લોકો ભગવાનનાં ગુણગાન કરે છે. પરંતુ તેમને જેટલું સામર્થ્ય આપવામાં આવ્યું છે, તેટલાં જ તેઓ ગુણગાન કરી શકે છે. કેટલાક લોકો તેની ઉદારતાનાં ગુણગાન કરે છે. તેની ઉદારતાની ઓળખ એ એની પોતાની ઓળખ છે, એમ તેઓ સમજે છે. કેટલાક લોકો ભગવાનને અજ્ઞેય, અનાકલનીય સમજી તેનાં ગુણગાન કરે છે.

કેટલાક લોકો ભગવાન 'ધૂળને જીવનમાં અને જીવનને ધૂળમાં પરિવર્તન કરનાર છે' એમ માની તેનાં ગુણગાન કરે છે. સૃષ્ટિનો સર્જક અને સંહારક તે જ છે. જીવન લેનાર તેમ જ જીવનદાન દેનાર પણ તે જ છે.

❀ ભગવાન પાસે દાન લેનાર થાકી જાય છે. તેની ઉદારતા અથાક છે. યુગોથી માનવી ભગવાનની ઉદારતા પર નભતો આવ્યો છે. અરે નાનક, ભગવાન સંસારનું નિર્દેશન કરે છે, તેમ છતાંય આસક્તિ કે ચિંતાથી તો અલિપ્ત જ રહે છે.

❀ કોઈ વરદાન મેળવવા ભગવાનની પ્રાર્થના કરે છે. અને ભગવાન એ પ્રાર્થનાનો સ્વીકાર કરી ક્યારેય થાક્યા વિના ઉદાર મને આપતા રહે છે. જ્યાં સર્વસ્વ ભગવાનનું હોય ત્યાં તેના ચરણે આપણે અર્પીએ પણ શું ? તેનો પ્રેમ પામવા આપણે એની પ્રાર્થના પણ શી કરીએ ?

❀ બ્રાહ્મમુહૂર્તના અમૃતમય ઉષઃકાળે તમે એ દૈવી શબ્દ સાથે એકરૂપ બની જાઓ, તેના ઐશ્વર્યનું મનન, ચિંતન કરો. ભગવાનના મહિમાનું ધ્યાન ધરો.

❀ આપણો આ જન્મ આપણા ગત જન્મોનાં કર્મોના

પરિણામરૂપે છે, પરંતુ નિર્વાણ તો કેવળ ભગવાનની કૃપા દ્વારા જ મળી શકે છે. હે નાનક, તું સમજી લે કે, પરમ સત્ય સૌના અંત:કરણમાં છે.

❋ એ સર્વવ્યાપી અધિપતિની તમે સ્થાપના કે વિસર્જન ક્યારેય કરી શકશો નહીં. તે નિરાકાર પ્રભુ અસીમ છે. સ્વત: સ્વયંપૂર્ણ છે.

❋ જે ભગવાનની પૂજા કરે છે, તેનો સર્વત્ર આદર-સત્કાર થાય છે. હે નાનક, એ સર્વ સદ્ગુણ સંપત્તિનું હરરોજ સ્મરણ કરો.

❋ આવો, આપણે એ પ્રભુનાં ગુણગાન ગાઈએ. પ્રેમ ભક્તિમય હૃદયથી એ પરમ શબ્દ સાથે એકરૂપ થઈ જઈએ. આવું કરીશું તો આપણાં સૌ દુ:ખોનો અંત આવી જશે અને પછી આપણને સાનંદ આપણા ધામે પહોંચાડી દેવામાં આવશે.

❋ અધિપતિ શાશ્વત ગાન કે દિવ્ય શબ્દના અવતાર છે. તે જ વેદ છે. તે જ શાસ્ત્ર છે. તે જ દિવ્યત્વથી પરિપૂર્ણ છે.

તે જ શિવ છે. તે જ વિષ્ણુ છે અને તે જ બ્રહ્મા છે. તેની લીલાસહચરી પાર્વતી, લક્ષ્મી અને સરસ્વતી છે.

❋ પ્રભુની મહત્તા પામી જવાય તોપણ વાક્ચાતુર્ય દ્વારા તેની પ્રશંસા કરી શકાતી નથી. મારા ગુરુએ મને એક પાઠ શીખવ્યો છે કે તે જ સૌનો સ્વામી છે, એને ભૂલીશ નહીં.

❋ ભગવાનને પ્રસન્ન કરી શકું તો મારે બધાં તીર્થો થઈ ગયાં. જો તેમ ન કરી શકું તો મારાં ધાર્મિક કૃત્યો, પરિશ્રમ સૌ નિષ્ફળ જશે.

❋ પ્રભુના આ સંસારમાં કોઈએ ગમે તેટલાં કર્મો કર્યાં હોય તોપણ તેની દયા વિના કોઈનેય મોક્ષ મળતો નથી.

આપણે કેવળ સદ્‌ગુરુના ઉપદેશોનું આચરણ કરીએ તો આપણા અંતરમાં છુપાયેલ અપાર આધ્યાત્મિક સંપત્તિ આપણને મળી જશે.

❋ કોઈ ચાર નહીં ચાળીસ યુગો સુધી આયુષ્ય વધારવાની ક્ષમતા રાખતો હોય, સંસારપ્રસિદ્ધ હોય, સૌ લોકો તેનું અનુસરણ કરતા હોય, અને સૌ તેનાં ગગનભેદી વખાણ કરતાં હોય, એટલું જ નહીં, તે એથી પણ વધુ હોય તોપણ જો ઈશ્વરની તેના પર કૃપાદષ્ટિ ન થઈ તો તેનું કોઈ મૂલ્ય જ નથી.

❋ જો તેના પર ભગવાનની કૃપાદષ્ટિ નહીં હોય તો ક્ષુદ્રાતિક્ષુદ્ર કૃમિ કરતાંય ક્ષુદ્રમાં તેની ગણના થશે. પાપી પણ તેના પર દોષારોપણ કરશે.

હે નાનક, અજ્ઞાની પર પણ ભગવાન જ્ઞાનની વર્ષા કરે છે. જ્ઞાની-સદ્‌ગુણી હોય તેના જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. પરંતુ એ પરમેશ્વરને પ્રતિદાનમાં આપવા જેવું આ સંસારમાં કશુંય નથી.

❋ પરમેશ્વર જ એકમાત્ર કર્તા છે. તેનાં વિના બીજો કોઈ નથી. નાનક કહે છે, ''જળ, થળ અને આકાશમાં વ્યાપ્ત ઈશ્વરને હું સર્વસ્વ અર્પણ કરું છું.''

❋ લાખો લોકો ભગવાનનાં ગુણગાન કરે છે; પરંતુ અંત સુધી ગુણગાન ગાવા છતાંય તે પૂર્ણ નહીં થાય. નાનક કહે છે, ''હે ભગવાન ! કેવળ તેં જ અસંખ્ય પ્રકારની સૃષ્ટિની રચના કરી છે.''

હે અજ્ઞાની મન, તું સદૈવ ભગવાનનું સ્મરણ કર. ભગવાનની કૃપાથી તારાં બધાં કાર્યો પૂરાં થાય છે. એની કૃપાથી તને સત્યલાભ થાય છે. એ પરમેશ્વરની મૂર્તિ તું મનમાં રાખ. તેની

સાથે તરી જાતને એકરૂપ થઈ જવા દે.

જેની કૃપાથી તારો ઉચ્ચ કુળમાં જન્મ થયો છે, એને તું રાતદિન ક્યારેય ભૂલીશ નહીં. હે નાનક, જેની કૃપાથી તને પ્રતિષ્ઠા મળી છે, એ પરમેશ્વરનું ગુરુકૃપાએ સદૈવ સ્મરણ કર.

❋ ભગવાનનું વર્ણન કરવાના સર્વ પ્રયત્નો વ્યર્થ છે. હે નાનક, તું એની મહાનતાનો સ્વીકાર કર. કેવળ તે જ તેને જાણે છે.

❋ ભગવાનના ગુણગાનનો અંત નથી.
ભગવાનની પ્રશંસાનો અંત નથી.
ભગવાનનાં કાર્યોનો અંત નથી.
ભગવાનના દાનનો અંત નથી.

ભગવાનની દષ્ટિનો અંત નથી.
ભગવાનની પ્રેરણાનો અંત નથી.
ભગવાનના ઉદ્દેશનો કોઈ અંત નથી.
તે સમજથી પર છે.

ભગવાનની દયા શાશ્વત છે,
એનો કોઈ હિસાબ નથી.
એ તો સર્વદાતા છે.
બદલામાં કશુંય ઇચ્છતો નથી.

અનેક યોદ્ધાઓ એના બારણે ભિક્ષુકો બન્યા છે, અને એ વિનાય અસંખ્ય ત્યાં ઊભા છે. જેની કોઈ ગણના નથી.

એવા પણ કેટલાય છે,
જે દાનનો દુરુપયોગ કરે છે.

અને એને લાંછન લગાડે છે.
અનેક મૂર્ખાઓ એવા પણ છે. . .
દાન લે છે, ખાય છે, પીએ છે.
અને એનું ધ્યાનેય કરતા નથી.
અને ભૂખ, દુઃખ અને દર્દથી અનેક પીડાય છે,
એ પણ ભગવાનની દેણગી છે.

તેની ઉદારતા અનુપમ છે,
તેનો સ્વીકાર અનુપમ છે.
તેની દયા અનુપમ છે.
તેની આજ્ઞા અનુપમ છે.

એના ભક્તો એનાં ગુણગાન કરતાં કરતાં
હારી ગયા.
એ જ રીતે વેદ-પુરાણો અને વિદ્વાનોય
હારી ગયા.
હે પ્રભુ તારી મહાનતાનું વર્ણન
મારી શક્તિથી પર છે.
તુજ પર અનેક વાર વારી જાઉં,
તું પ્રસન્ન થાય બસ એ જ ઈચ્છા.
એ એક જ સત્કાર્ય છે,
હે નિરાકાર, અનંત પ્રભુ, તારો જય હો.

હે ગુરુદેવ, તમે સત્પુરુષ છો.
ઈશ્વરના સખા-મિત્ર છો.
અમે અજ્ઞાની, દીન-હીન
તમારે શરણે આવ્યા છીએ.
હે પ્રભુ, યાચું એટલું,
દયા કર દયા કર.
અમારા હૃદયમાં તારું નામ જગવ.

❀ પાંચ પ્રાર્થના છે. પ્રાર્થનાના પાંચ સમય છે અને તેનાં પાંચ નામ છે: તે છે સત્ય યથાર્થતા, ઈશ્વરના નામે દયા, સદ્‌વિચાર અને ઈશ્વરસ્તુતિ અને ગુણગાન.

❀ હે ઈશ્વર, તમે જ અધિપતિ છો. સમસ્ત વિશ્વ તમારી રચનાથી પરિપૂર્ણ છે. નાનક તો હલકામાં હલકાનું સાહચર્ય શોધે છે. દંભીઓનો સંગ વ્યર્થ છે. જ્યાં દુર્બળની રક્ષા થાય છે ત્યાં તારી દયાની વર્ષા થાય છે.

❀ હે પ્રભુ ! હું ગમે તે અવસ્થામાં હોઉં, તારા શરણે રાખ. તારા શરણ વિના અન્ય કોઈ આશ્રય નથી. હે પ્રભુ, પળે પળે તારું ધ્યાન ધરું છું. તું જેટલો પાસે આવે છે તેટલી જ ગુરુવાણી મધુર અમૃતમય લાગે છે.

❀ મારું તન, મન તારે આધીન છે. તું જ મારો એકમાત્ર પ્રભુ છે. મારા ભ્રમમાંથી મને છોડાવ. મને તારામાં લીન કરી દે.

મારું જીવન-શરીર તારે આધીન છે. તું દૂર, પાસે અને મધ્યમાં છે. તું સ્વયં સાંભળે છે. તું સ્વયં જુએ છે. અને સ્વયંભૂ છે. કેવળ તારી જ ઇચ્છા પૂર્ણ થાય છે.

* હે કરુણામય, હે દયાનિધિ
  તું એ સૌની રક્ષા કર
  તારા વિના યમ-યાતનામાંથી અમને કોણ છોડાવશે ?
  નાનક, તને ભૂલે નહીં એવી રક્ષા (વ્યવસ્થા) કર.
  તારી દયાદષ્ટિ હો, તારી કૃપાદષ્ટિ હો.
  હે મમ રક્ષક, હે જગતપતિ દર્શન હો.
  હે પ્રાણ વિધાતા,...હે મમ જીવન
  સંતસભામાં કરું નિરંતર તવ કીર્તન.
  હે પ્રભુ, નાનક પર દયા કર.
  એના તન-મનમાં ભળી જા.

હે પ્રેમનિધિ, એવું મન દે કે તને ન ભૂલું.
બુદ્ધિ દે એવી કે ચિંતનમાં નિત મ્હાલું.
શ્વાસે શ્વાસે તારું સ્મરણ-સ્તવન કરું
ચરણકમળમાં નિત્ય નિરંતર ધ્યાન રહે.
પ્રભો શરણાગતિનું શુભ જ્ઞાન રહે.

* હાથ-પગ-શરીર અસ્વચ્છ બની જાય છે તો પાણી તેને ધોઈ પવિત્ર બનાવી દે છે. કપડાં બગડી જાય છે તો સાબુ તેને સ્વચ્છ કરી દે છે. મન જ્યારે પાપ અને લાજથી અશુદ્ધ બની જાય છે ત્યારે ઈશ-નામના પ્રેમથી તે સ્વચ્છ થઈ જાય છે.
* ઈશ્વરે તને માનવશરીર આપ્યું છે. ભગવાનને મેળવવાનો આ યોગ્ય સમય છે. તારા બીજા બધા પ્રયાસો નકામા છે. સત્સંગમાં પરોવાઈ જા અને કેવળ ઈશ્વરનું નામ લે.
* કેવળ અસંખ્ય આડંબરો અને રીતરિવાજો પાળવાથી મોહ અને

લિપ્સામાંથી મુક્તિ મળી શકતી નથી. સર્વ સુખ ઇચ્છું કે એ સર્વવ્યાપી આત્માને શોધવો.

* કેવળ મૌખિક સેવાથી તું સ્વર્ગ મેળવી શકીશ નહીં. સત્ય વહેવાથી જ તારી મુક્તિ થશે. હે નાનક, મિથ્યાથી કેવળ મિથ્યા તત્ત્વ જ ઉત્પન્ન થાય છે.

* શરીરને નુકસાન પહોંચાડે તથા મનમાં ખરાબ વિચારો ઉત્પન્ન કરે એ વસ્ત્રો ખરાબ છે.

શરીરને નુકસાન પહોંચાડે તથા મનમાં ખરાબ વિચારો ઉત્પન્ન કરે એવાં ભોજનનો આસ્વાદ ખરાબ છે.

ભક્તિમાં નિષ્ઠા રાખનારાઓનો માર્ગ સુગમ બની જાય છે. તે સન્માનપૂર્વક રહે છે અને સન્માનપૂર્વક જ જાય છે. તે રાજમાર્ગે સીધેસીધો ચાલ્યો જાય છે. ગલીઓમાં ભટકતો નથી. તે હંમેશાં ધર્મનિષ્ઠા રાખે છે.

* મૃત્યુલોકમાં કમળની જેમ શુદ્ધ અને નિર્લેપ રહે. કીચડમાંથી તારું મસ્તક ઊંચું રાખ, અથવા હંસની જેમ રહે. તે સરોવરથી આકાશ સુધી ઊડે છે. પરંતુ પાંખોને ભીની થવા દેતો નથી.

* કેવળ કહેવા માત્રથી મનુષ્ય સંત કે પાપી બની જતો નથી. તે જ્યાં જાય છે ત્યાં તેનાં કર્મો લઈને જાય છે. જેવી કરણી તેવી ભરણી. હે નાનક, ઈશ્વરના નિર્દેશાનુસાર માનવ આવે છે અને જાય છે. આ રીતે જન્મ-મરણનું ચક્ર ચાલતું રહે છે.

* વાસ્તવિક રીતે માણસે એમ સમજવું જોઈએ કે મનનું સૂતક લોભ છે. જીભનું સૂતક મિથ્યા ભાષણ છે. આંખનું સૂતક પર-સ્ત્રી અને પરધન પર દૃષ્ટિ કરવી તે છે. અને કાન પણ નિંદાના શ્રવણથી સૂતકી બની અપવિત્ર બને છે. આ સૂતકો એવાં છે કે તે

જેને લાગતાં હોય છે તે માણસ બહારથી ગમે તેટલો હંસ જેવો પવિત્ર રહેતો હોય તોપણ તેને નરકગામી બનાવે છે.

* ગળામાં માળા ધારણ કરવી, કપાળમાં તિલક કરવું અને નિયમ પ્રમાણે અંગવસ્ત્ર ઓઢવાં એ જ ખરું બ્રહ્મકર્મ નથી, તેમ માનનારા ભૂલમાં જ ભમે છે. નાનક કહે છે કે, ''નિશ્ચિત બુદ્ધિથી પ્રભુચિંતનનો માર્ગ સદ્‌ગુરુ વિના કદી પણ મળતો નથી.''

* દયાની મસ્જિદમાં સંતોષનું બિછાનું પાથરી સચ્ચાઈ અને કૃતજ્ઞતા રૂપી કુરાન પઢો, શરમની સુન્નત સમજી, વાણીની મીઠાશના રોજા પાળો. તો જ મુસલમાન બની શકશો.

* પોતાનાં શુભ ચરણને કાલાં સમજો. સરળ સ્વભાવને પોતાના પવિત્ર પીરના કલમા માનો. ગરીબોને દાન દેવું એ જ નમાજ અને પરમેશ્વરની કૃતિ પર પ્રસન્ન રહેવું એને માળા ફેરવવી બરાબર જાણો, ગુરુ નાનક કહે છે કે પરમેશ્વર તમારી લાજ રાખશે. અર્થાત્ તમારું કલ્યાણ કરશે.

* તોબા કરી જે ન કીજૈ ગુમાન, હમેશાં એ રહગી તૂ ઐસી ન જાન.
હાથી વ ઘોડે વ લશ્કર હજાર, કભી ગર્ક હોને મેં લાગે ન બાર.
ચિંતા બાકી કીજિએ, જો અનહોની હોય.
યહ મારગ સંસારમેં, નાનક થિર નહીં કોય.

* શબદ અને આત્માનો યોગ એટલે શાશ્વત શાંતિ.

* પુષ્પમાં પરિમલ વસે । જે માટે તું જન્મ્યો છે
દર્પણમાં પ્રતિબિંબ રહે; । તેને જરૂરી હોય તેનો જ સંબંધ રાખ.

| | |
|---|---|
| બસ એ જ રીતે | ગુરુકૃપાએ તારા હૃદયમાં |
| હૃદયમાં પ્રભુનો વાસ વસે. | પ્રભુ કરશે વાસ. |

❀ કોઈની મદદ વિના કેવળ પોતાની શક્તિના સહારે જાણવાનું પાખંડ કરે તો તેને આધ્યાત્મિક રૂપે વિકસિત કહેવાય નહીં.

❀ એક વાર પણ કાર્ય ન કરો તો લાખ વાર વિચારવાનું વ્યર્થ છે.

મનને ભટકતું ન રોકો તો મૌન રહેવું વ્યર્થ છે. પેટે રોટલીના પાટા બાંધવાથી ભૂખ મટતી નથી.

❀ શરીર સ્વચ્છ રાખે એ શુદ્ધ નથી, પરંતુ ઈશ્વરને જે સ્વરૂપમાં વસાવે છે તે શુદ્ધ છે.

❀ લોભ હૃદયની મલિનતા છે.

મિથ્યા ભાષણ ભાષાની અશુદ્ધતા છે
પરાયું ધન તેમ જ પરસ્ત્રી સૌંદર્યદર્શન
આંખોની અશુદ્ધતા છે.
નિંદા શ્રવણ-કાનની અશુદ્ધતા છે.
હે નાનક, આવાં કુકર્મો કરનાર પાખંડી સંત નરકમાં જશે.

શબ્દ અને આત્માનો યોગ એટલે શાશ્વત શાંતિ. શબ્દ વિના અંધવિશ્વાસ જતો નથી; અહંનો નાશ થતો નથી.

ભગવાનનું નામ સાંભળતાં જ આંધળા માણસને પણ માર્ગ સૂઝે છે, સત્ નામ સાંભળતાં જ અગાધ અંધકાર દૂર થઈ જાય છે.

❀ લોભ કૂતરો છે. અસત્ય ભંગી છે. છેતરપિંડીથી મેળવેલો ખોરાક પડી ગયેલા માંસ જેવો છે.

❀ જે નિર્ભય ઈશ્વરનું ધ્યાન ધરે છે, તેના સર્વ પ્રકારના ભય નાશ પામે છે.

* થોડું ખાઓ, થોડું ઊંઘો, પ્રેમ, દયા અને ક્ષમા કેળવો, ઈશ્વર માણસને તેની જાત નહીં પૂછે. તેણે શું કર્યું છે, તે પૂછશે.
* ચીંથરેહાલ કે જાડાં કપડાં પહેરવાં, દંડ ધારણ કરવો, રાખ ચોળવી, માથું મૂંડાવવું કે શંખ ફૂંકવા એ ભક્તિ નથી.
* સર્વ પ્રકારની ભક્તિમાં પ્રભુ-નામ શ્રેષ્ઠ રટણ છે. તારા શરીરને સારું ખેતર બનાવ ને સત્કર્મો રૂપી બીજ વાવીને પ્રભુ-નામરૂપી જળસિંચન કર. તારા હૃદયને ખેતર બનાવ. ઈશ્વર તારા હૃદયમાં ઊગી નીકળશે અને તું નિર્ભય નિર્વાણ પદ પામીશ.
* એકેશ્વરના નામનું વારંવાર રટણ કરવું એ જ બધાનું પરમ કર્તવ્ય છે.
* સત્-નામના જપ કરો. તમારી હૃદયની બધી અશુદ્ધિઓ ધોવાઈ જશે.

ધૈર્ય કરતાં ઉત્તમ અન્ય તપ નથી. સંતોષ જેટલું બીજું કોઈ મહાસુખ નથી. લોભ જેવો ખરાબ કોઈ દુર્ગુણ નથી, દયા જેટલો કોઈ ઉચ્ચ સદ્‌ગુણ નથી. ક્ષમા જેવું બીજું કોઈ અમોઘ શસ્ત્ર નથી.

ભગવદ્ સ્મરણ કરતાં કરતાં માણસ તેને પ્રાપ્ત કરી શકે તેવા ચાર માર્ગ છે : સત્સંગ, સત્ય, સંતોષ અને ઇંદ્રિય-સંયમ. આ ચારમાંથી ગમે તે માર્ગે પ્રભુના સામ્રાજ્યમાં દાખલ થઈ શકો છો. તમે ગૃહસ્થી છો કે સંન્યાસી તે સાથે કાંઈ જ સંબંધ નથી.
* જેણે જગત ઉપરનો મોહ છોડી દીધો છે તે જ ઈશ્વરની સેવા કરી શકે છે.
* દર્દ દવા છે. સાંસારિક સુખો દર્દ છે. જ્યાં મોજમજા છે ત્યાં ઈશ્વરપ્રાપ્તિની ઇચ્છા સંભવી શકતી નથી.

❁ અહંકારનો નાશ એ સાધુતાનું પહેલું પગથિયું છે અને અનંત જીવનનો અનુભવ એ તેનું છેલ્લું પગથિયું છે. નમ્રતા અને મનનો સંયમ એ તેની કૂંચી છે. ધ્યાન એ એનું તેજ છે અને સત્ય તથા સહનશીલતા એ તેનો પોશાક છે.

❁ મૃત્યુ એ તો નવજીવનનું દ્વાર છે. જે જીવન છે તે કદી મરતું નથી.

❁ જે માર્ગ લાંબો છે તેમાં હરિનો સંગાથ છે. જે માર્ગમાં અંધારું છે તેમાં હરિનું નામસ્મરણ દીવો છે. જે માર્ગમાં કોઈની ઓળખાણ નથી તેમાં હરિનામ મોટી ઓળખ છે. જે માર્ગમાં પુષ્કળ તાપ પડે છે ત્યાં હરિનામ એ છત્રી છે.

❁ જ્યાં સુધી આત્માને લાગેલો અહંતાનો ડાઘ જતો નથી ત્યાં સુધી આત્મા પરમ પદમાં સ્થાન પામતો નથી. અહંકારનો ત્યાગ એ સત્‌નામને ઓળખવાનું પહેલું પગથિયું છે.

❁ આ સંસાર એક હાટ છે. પ્રભુભજનનો વેપાર એ દરેક જીવનો મુખ્ય ધંધો હોવો જોઈએ.

❁ જે લોકો સંતનું શરણું લે છે તેઓનો ઉદ્ધાર થાય છે.

❁ ઈશ્વર પર વિશ્વાસ રાખીને ચાલવું અને સંતોષને જીવનસૂત્ર બનાવવું.

❁ માથું મૂંડાવાથી શ્રમણ કે સાધુ થવાતું નથી. મન મૂંડાવવું જોઈએ.

❁ સત્કર્મ એ જ મુક્તિના માર્ગનો દરવાજો છે. જેમ સૂર્યનો પ્રકાશ બધે જ પ્રસરે છે તેમ જ દરેક વ્યક્તિમાં તે રહેલો છે.

❁ કર્માનુસાર પુનર્જન્મ મળે છે પરંતુ મોક્ષનાં દ્વાર તો તેની કૃપાથી જ ખૂલી જાય છે.

* મન જો પાપથી મલિન થઈ જાય તો તે નામ-પ્રભાવથી સ્વચ્છ થઈ શકે છે.
* એનો મહિમા આ છે, એના જેવો કોઈ નથી, કોઈ ન હતો, કોઈ થશે નહીં.
* યજ્ઞ, હવન, દાન, પુણ્ય, તપ, દેવપૂજન આદિ અનેક સાધનો દ્વારા મનુષ્ય કલેશ-દુઃખ પ્રાપ્ત કરે છે. દેહને દુઃખ આપે છે. ગુરુ ઉપદેશ દ્વારા પ્રભુનામ લેવાથી મુક્તિ મળે છે.
* રાત્રિ ઊંઘમાં અને દિવસ ખાવામાં પસાર કર્યો. હે નાનક, હીરા જેવો જનમ (દેહ) કોડીમાં બદલાઈ ગયો.
* પરદાસ, પરધન, લોભ, હૃદયવિકાર, દુષ્ટ સ્વભાવ અને પારકી નિંદા છોડ. કામ અને ક્રોધ ચંડાળ છે.
* પ્રપંચ કરતાં સઘળી પ્રતિષ્ઠા ડૂબી જશે. હે મૂર્ખ ! દ્વૈતભાવ જશે નહીં. ગુરુ શબ્દ વિના ક્યાંય મુક્તિ નથી. આંધળે ક્યારેય વ્યાપાર ફેલાવ્યો છે?
* હે મન, સહેજ પણ વિચલિત થઈશ નહીં. સીધે માર્ગે જજે. પાછળ બિહામણો વાઘ (કામ) છે તો આગળ બળતો અગ્નિ (તૃષ્ણા) છે. હરિ મળે છે.
* નિજ સ્વરૂપ ઓળખ્યું પછી પુનર્જન્મ હોતો-રહેતો નથી.
* જો હરિભક્તિમાં હેત ન હોય તો જન્મ્યાનો હેતુ શો ? મનમાં ઈશ્વરભક્તિ છોડી સાંસારિક વિષય-ભોગો પર ધ્યાન હોય તો ખાવુંપીવું વ્યર્થ છે.

---

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કંનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

**ISBN 81-7229-237-6 (set)**